શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

માર્ચ' ૨૦૦૩

## The Little Things

Too often we don't realize
what we have until it is gone;
Too often we wait too late to say
"I'm sorry - I was wrong."

Sometimes it seems we hurt the ones
we hold dearest to our hearts;
And we allow foolish things
to tear our lives apart.

Far too many times we let
unimportant things into our minds;
And then it's usually too late
to see what made us blind.

**The Little Things**

So be sure that you let people know
how much they mean to you;
Take that time to say the words
before your time is through

Be sure that you appreciate
everythings you've got
And be thankful for the
little things in life
that means a lot.

# સખાવતી દાદાઓનો સન્માન સમારંભ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તથા શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળમાં એક લાખ રૂા. થી વધુ આપનાર દાતાઓનો સન્માન સંમારંભ તા. ૨.૪.૨૦૩ બુધવાર ગુડીપડવાના શુભદિવસે સવારે ૯.૦૦ કલાકે બીરલા માતુશ્રી સભાઘર ખાતે રાખવામાં આવ્યો છે.
સર્વેને હાજર રહેવા વિનંતી

## સન્માનીય દાતાઓ

### શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

૧. શ્રી કનૈયાલાલ રમણીકલાલ ધારીયા
૨. શ્રીમતી શાંતાબેન તથા શ્રી ચીમનલાલ ચુનીલાલ પરીખ (લાય)
૩. શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ
૪. શ્રી પંકજ કાંતીલાલ ધારીયા (લાલખાં)
૫. શ્રી શશીકાંત ચીમનલાલ ધારીયા (દલાલ)
૬. શ્રીમતી કમળાબેન રમણલાલ પરીખ (જુનાગઢવાળા)
૭. શ્રીમતી લીલાબેન તથા ડો. બાબુભાઈ સા. દેસાઈ
૮. શ્રીમતી કુસુમબેન નવનીતલાલ કડકીયા (બેરા)
૯. શ્રીમતી કોકીલાબેન રસીકલાલ મોદી (દેવ)
૧૦. શ્રીમતી કમળાબેન ચીમનલાલ મોદી (ઠાસરાવાળા)
૧૧. શ્રીમતી અમીતાબેન ભરતકુમાર કડકીયા

### શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

૧. શ્રીમતી ઈન્દુબેન રસીકલાલ ધારીયા (દલાલ)
૨. શ્રીમતી કોકિલાબેન રસીકલાલ મોદી (દેવ)
૩. શ્રીમતી ઈન્દુબેન જંયતિલાલ પરીખ (બલખી)
૪. શ્રી શરદભાઈ રમણલાલ મહેતા
૫. શ્રીમતી સદગુણબેન નવનીતલાલ દેસાઈ
૬ શ્રીમતી શાંતાબેન નટવરલાલ શાહ (ઝાટ)
૭ શ્રીમતી કુસુમબેન નવનીતલાલ ધારીયા (શહેરાવાળા)
૮. સ્વ. ગોકલદાસ ઓચ્છવલાલ કડકીયા (ફાડિયા)
૯. શ્રીમતી સાવિત્રીબેન નવનીતલાલ ધારીયા (દલાલ)
૧૦ શ્રી કાંતીલાલ લાલચંદ દોશી
૧૧ શ્રી ચંદુલાલ અમૃતલાલ પરીખ ચે.ટ્રસ્ટ

*(અનુસંધાન ત્રીજા કવર પેજ પર)*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૩ | ૧૨ | ૧૪-૦૩-૨૦૦૩ |

**નિખિલ પરીખ (તંત્રી)**
**જતીન ન. દેસાઈ**
**ચેતન કાં. મોદી**
**શ્રીમતી રીટા મુ. ગાંધી** (S.E.O.)
**નિકેશ જ. ગાંધી**

***પત્રવ્યવહારનું સરનામું***
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડસ, ૮૮/E ખાડીલકર રોડ, ૪, નારાયણવાડી બિલ્ડિંગ,
કાંદાવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪
**ટે.ઓ.:** ૨૩૮૬૦૦૨૯/૨૩૮૨૫૦૨૫● ઘર:૨૩૮૮૯૬૦૬
ફેકસ : ૩૮૨ ૫૦૨૫

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# મુગ્ધતાથી કપટ સુધી

***તંત્રીસ્થાનેથી***

*માનવીનો માનવી પ્રત્યેનો વિશ્વાસ દિવસે દિવસે ઘટતો જાય છે, પરંતુ ઈશ્વરને હજી માનવજાત પ્રત્યે વિશ્વાસ છે અને એનો પુરાવો છે બાળકનો જન્મ. હજી ઈશ્વર પોતાના અંશરૂપી બાળકોને પૃથ્વી ઉપર જન્મ આપી માનવજાતમાં પોતાના અતુટ વિશ્વાસની સાક્ષી પુરે છે.*

*જન્મેલ બાળક કેવું નિર્દોષ હોય છે. કહેવાય છે બાળક જન્મે એના થોડા દિવસો સુધી એને પાછલા જન્મનું બધું યાદ હોય છે અને બાળક એને યાદ કરી કરી એના વિચારો કરીને હસે છે કે રડે છે અને એના વિચારોમાં ખોવાયેલો રહે છે. આ કાળ પુર્ણ થયા પછી લગભગ ત્રણ ચાર મહિને એને સ્પર્શ કે અવાજની કે હલનચલનની અનુભુતિ થાય છે. આજુબાજુ જોવામાં થોડુંક હસવામાં રડવામાં અને ઉંઘવામાં એના દિવસો પુરા થાય છે. જેમ જેમ એ મોટું થતું જાય છે તેમ એને પોતાની આજુબાજુની દુનિયા વિસ્મયકારક લાગે છે. દરેક વસ્તુ દરેક રંગ દરેક હલનચલનને એ મુગ્ધતાથી નિહાળે છે અને એના પ્રત્યે આકર્ષાય છે એને હાલરડાના શબ્દો નહીં પણ એમા રહેલો માનો પ્રેમાળ સુર સુવાડે છે અને માનો પ્રેમાળ સ્પર્શ જગાડે છે. દાદીમાની વાતો વાર્તાઓ અને પ્રસંગો એને સ્વપ્નોની દુનિયામાં લઈ જાય છે અને દરેક વાતો જાણ્યા પછી કેમ ? શા માટે ? જેવા પ્રશ્નોથી બધું સમજવા પ્રયત્ન કરે છે. એ નિર્દોષ બાળકને પોતાની આજુબાજુ શું થાય છે એની ખબર પડે, પણ એ શા માટે થાય છે એની સમજ*

નથી પડતી. પપ્પા મમ્મીને કે દાદા પપ્પાને વઢે છે એ ખબર પડે છે પણ શા માટે? એની એને ખબર પડતી નથી. એ આજુબાજુના પ્રાણીઓ પંખીઓ કે વાંદા ગરોળી સુધ્ધાને કુતુહુલતાથી નિહાળે છે અને એવા વિષે જાણવા પ્રયત્ન કરે છે. પપ્પા કે મમ્મી વઢે કે મારે તો પણ ફક્ત પાંચ મિનીટ પછી એના ખોળામાં જઈને બેસીને લાડ કરે છે. બાળકમાં હોય છે. પ્રેમ, ફક્ત નિર્દોષ પ્રેમ અને જીવન પ્રત્યેની મુગ્ધતા દુનિયા માટેની આશા અને ઉજ્જવળ ભવિષ્યની આકાંક્ષા.

રમકડું એ કુતુહુલતાથી જુએ છે અને આનંદ પામે છે. બાળક મોટો થતો જાય અને જેમ જેમ શીખતો થાય એમ એના સ્વપ્નો બદલાતા જાય છે અને વાસ્તવિકતાનું ભાન થતું જાય છે જેમ જેમ એ મોટો થાય છે એમ ભયની બારીઓ ખુલતી જાય છે અનો વિસ્મયતાની બારી બંધ થતી જાય છે. પરીકથાઓ ફક્ત વાર્તા પુરતી મર્યાદિત છે એની એનો ખબર પડે છે. આજુબાજુના પ્રાણી કે જીવજંતુઓ એને હાનીકારક છે એની એને ખબર પડવા માંડે છે. સામે ભીખ માંગતો છોકરો એ પોતાના જેવો બાળક નહી પરંતુ ગરીબ ભીખારી છે એની એને ખબર પડવા લાગે છે. પૈસા ફકત રમવાની વસ્તુ નહી પણ દુનિયામાં ઘણી મોટી વસ્તુ છે એનું એને ભાન થવા લાગે છે. સ્વાર્થ શું છે? મારું શું છે બીજાનું શું છે? એ કેવી રીતે મેળવવું એની એને ખબર પડવા લાગે છે, અને દરેક તબ્બકે અને દરેક જાણકારી સાથે એ પોતાની નિર્દોષતા, ગુમાવતો જાય છે અને ઈશ્વરથી દુર થતો જાય છે. દુનિયામાં, દેશમાં અરે પોતાના ઘરમાં રમાતા કાવાદાવાથી એ જાણકાર થાય છે. સ્વાર્થ માટે માણસ શું કરી શકે એ એને સમજાવા લાગે છે. કપટ કોને કહેવાય એની સમજ એને પડવા લાગ છે.

પરંતુ હજી આ બધી વસ્તુઓની જરૂરિયાત, એનું મહત્ત્વ એને સમજાતું નથી એને સતત થયા કરે છે આવું શા માટે થાય છે. યુવાની ને પણ મુગ્ધાવસ્થા કહેવાય છે કારણ કે એને પ્રેમમાં હજી શ્રદ્ધા હોય છે. પોતાની શક્તિમાં શ્રદ્ધા હોય છે અને આ શ્રદ્ધા અને પ્રેમથી દુનિયામાં બધું જ શક્ય છે એવી એને આશા હોય છે અને આ આશા સાથે પ્રેમમાં અને જીવનયુદ્ધમાં એ ઝંપલાવે છે. દરેક વિજય એને આવનાર પરાજયો પચાવવામાં મદદરૂપ બને છે. પરંતુ દરેક વિજય કે પરાજય સાથે સાથે અજાણતા જ એનામાં હોશિયારી, કપટ, સ્વાર્થ જેવી વૃત્તિઓ પ્રવેશતી જાય છે અને એ એની મુગ્ધતા ગુમાવતો જાય છે. પ્રેમ પ્રત્યેની શ્રદ્ધા ગુમાવતો જાય છે. ઉચ્ચતમ સ્થાન તરફ વધતો જાય છે તેમ તેમ એ સ્થાન, એ મોભો ટકાવી રાખવા એ કાવાદાવા અને કપટ તરફ વધુને વધુ ઢળતો જાય છે. એના હસવામાં, બોલવામાં એની હા માં અને ના માં પણ ગણતરી હોય છે એના દરેક વ્યવહારમાં કંઈક સ્વાર્થ હોય છે. સેવાના કાર્યોમાં કે પછી દાન આપવામાં પણ એની ગણતરી હોય છે (પછી એ પ્રતિષ્ઠાની હોય કે એના દ્વારા મળનારી ફાયદાની) અને કહેવાય છે ને કમળાવાળાને બધું જ પીળું દેખાય એમ માણસને બીજાની પણ દરેક વાતોમાં કંઈક કપટ, કંઈક રહસ્ય દેખાય છે. અરે વિર્દોષ બાળકના હાસ્યમાં પણ એને લુચ્ચાઈ દેખાય છે. પરંતુ આ મુગ્ધતાથી કપટ સુધીની જીવનયાત્રામાં પોતે શું મેળવ્યું અને શું ગુમાવ્યું એનું સરવૈયું જ્યારે માણસ કાઢવા બેસે છે ત્યારે એને સમજાય છે. એણે થોડું મેળવવામાં ઘણું બધુ ગુમાવ્યું

*છે. જે માણસ મુગ્ધતાને સાચવે છે એ માણસ વૃદ્ધ થયા વિના પોતાના શૈશવને સાચવે છે. મુગ્ધતા મરી જાય છે પછી માણસ જીવતો નથી મડદું જીવે છે.*

*કવિ શ્રી કૈલાસ પંડિતે બચપણની મુગ્ધતા, નિર્દોષતા ગુમાવ્યાનો વસવસો કવિતા દ્વારા વ્યક્ત કરતાં કહ્યું છે*

***''ક્યાં ખોવાયું બચપણ મારું ક્યાંકથી શોધી કાઢો***
***મીઠા મીઠા સ્વપનાઓની દુનિયા પાછી લાવો***
***મોટર બંગલા લઈ લો મારા, લઈ લો વૈભવ પાછો***
***પેન, લખોટી, ચાકના ટુકડા મુજને પાછા આપો.''***

***✍ નિખિલ પરીખ***
***(જુન-૧૯૯૨)***

---

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ

# દાતાઓનો આભાર

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે શ્રી સંગીતા કીરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ઉપરોક્ત મંડળને ન્યાસફંડ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) પ્રાપ્ત થયા છે. મંડળ દાતાઓનો હાર્દિક આભાર માને છે. બંને ન્યાસફંડમાંથી ઉપજનારી વાર્ષિક આવક મંડળના વિદ્યાર્થી મિત્રોને આપવામાં આવતી શૈક્ષણિક સહાય માટે પ્રતિ વર્ષ વપરાશે. અંતમાં ફરીવાર દાતાઓનો હાર્દિક આભાર.

***અસીત રમેશચંદ્ર દેસાઈ***
***કીરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ્ મંત્રીઓ***

# જાહેર અપીલ

ઉપરોક્ત મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓમાં અન્નસહાય પ્રવૃત્તિ અને મેડીકલ રાહત યોજના દ્વારા જરૂરીયાતવાળા કુટુંબોનો દર મહિને આવતો ખર્ચ પૂરો કરવા અત્યારનાં ભંડોળ અને એના વ્યાજની આવક પુરેપુરી રાહત આપી શકવા માટે પુરતી નથી. દર વર્ષે આ સહાયમાં ઘટાડો થતો આવ્યો છે. હાલમાં વ્યાજના દરમાં થતો ઘટાડો એમા સાથ પુરાવે છે. આ તબક્કે અમોએ જે આપ સમક્ષ અપીલ કરી હતી તે ગણત્રી પ્રમાણે જો આજે અમો ૭૫ લાખ જેવી રકમ ભેગી કરવામાં સાર્થક થઈ શકીએ તો આ રકમ ભેગી કરતા લગભગ ૨ થી ૩ વર્ષો લાગે અને એવરેજ વ્યાજ દરવર્ષે જે આવે તે રાહત આપવા માટે પુરુ થઈ શકે. આમ ૩ થી ૪ વર્ષ પછી આ રાહત આજના માળખા પ્રમાણે આપી શકાય પણ મેડીકલ ક્ષેત્રે અને રોબરોજની જીવન જરૂરીયાત એટલી બધી વધતી જાય છે જે મોંઘવારી સાધારણ માણસ માટે અસહ્ય છે. આપણા જ્ઞાતિબંધુઓ પૈસાના અભાવે તબીબી સહાયથી વંચીત રહી નિરાશ ના થાય તે માટે આવો આપણે બધા ભેગા થઈને આ પર્વ પ્રસંગે નાખેલી ટહેલની પરિપૂર્ણ કરી મંડળ તથા ટ્રસ્ટ ને આર્થિક રીતે સધ્ધર કરી જરૂરીયાતવાળાને યોગ્ય ન્યાય આપી શકીએ.

અમોને જણાવતા આનંદ થાય છે કે અત્યાર સુધી લગભગ ૫૧ લાખના વચનો પ્રાપ્ત થઈ ચુક્યા છે. બાકીના વચનો પણ મળતા રહે છે. આપ સૌ સામે ચાલીને આ અપીલને પરિપૂર્ણ કરશો અને અથવા અમારાં કાર્યકર્તા આપ સમક્ષ આવે તો ફૂલ નહી તો ફૂલની પાંખડી આપી આ કાર્યને સફળ બનાવશો. વાડાસિનોરના પ્રત્યેક જ્ઞાતિબંધુઓને પોતાની ઈચ્છાનુસાર યોગ્ય ફાળો આપવા નમ્ર વિનંતી કરીએ છીએ.

નોંધ : જે કોઈ વ્યક્તિને ૩૧ માર્ચ પહેલાં ડોનેશન આપવું હોય તે સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરે.

***- શ્રી રસિકલાલ આર. કડકીયા, પ્રમુખ***

*સ્પર્ધાની બીજી વિજેતા કૃતિ*

# ‘‘સમી સાંજના પડછાયા’’

૧૯૯૭-૯૮ દરમ્યાન જન્મભૂમિમાં અઢાર પ્રકરણમાં ધારાવાહિક રૂપે પ્રગટ થયેલી લેખમાળા અને ત્યારબાદ પુસ્તક રૂપે પ્રકાશિત શ્રી દિનકર જોશીની ‘સમી સાંજના પડછાયા’એ કુરુક્ષેત્રના મહાયુધ્ધની સમાપ્તિ પછી તેમજ ગાંધારી દ્વારા શાપિત ભગવાન શ્રીકૃષ્ણની વ્યથા અને કથાનું નિરૂપણ છે.

મહાભારતના યુધ્ધની વ્યથા અને કથાનું નિરૂપણ છે. અશ્વમેઘ યજ્ઞ અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી મૃત્યુ પામેલો પાંડવવંશના એકમાત્ર વારસને (ઉત્તરાના ગર્ભને) પોતાનું સમગ્ર કૃષ્ણત્વ હોડમાં મૂકીને સજીવન કર્યા બાદ, ગાંધારી દ્વારા શાપિત કૃષ્ણ હસ્તિનાપુરથી દ્વારકા પાછા ફરે છે. એ છત્રીસ વર્ષોમાં કૃષ્ણે કદી દ્વારકા છોડયું નહોતું. તેમના અવતાર કાર્યો દરમ્યાન તેમને થયેલાં અન્યાયોનો લાંબા સમયથી તેમના હૃદય પર છૂપાયેલા ભારને કારણે તેઓ તમામ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ પોતાના વ્યપાને આત્મામાં કેન્દ્રિત કરી અંતિમક્ષણની પ્રતિક્ષા કરી રહ્યા હોય તેમ એકદમ શાંત થઈ ગયા હતા.

જ્યારે જ્યારે અધર્મનો ફેલાવો અને ધર્મનો લોપ થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું એવું ગીતામાં વચન આપનાર, મહાયુદ્ધમાં અર્જુનનો વિષાદ દૂર કરવા વિશ્વરૂપ દર્શન કરાવવા માટે પોતાનું ઈશ્વરીય સ્વરૂપ પ્રગટ કરનાર તેમજ તેમની આસપાસના દરેક આપ્તજનોનો વિષાદ અને વ્યથા દૂર કરવા હંમેશા પ્રયત્નશીલ રહ્યા હોય તેવા જગત્નારાયણ સ્વયં ભગવાન શ્રી કૃષ્ણના જીવનમાં પણ વિષાદ અને વ્યથાના પ્રસંગો ઊભા થયા હતા અને ત્યારે તેઓ ખૂબ જ વ્યથિત જણાતા હતા. તેમના હૃદય પર એક અકળ ભાર વર્તાતો હતો અને ચિત્તમાં વિષાદને કારણે ખૂબ જ વ્યાકુળ હતા. સ્વજનો અને આપ્તજનો દ્વારા ઉપેક્ષાની કેવડી મોટી વ્યથા કૃષ્ણે કેટલા બધા વરસો સુધી પોતાનાં અંતરમાં ધરબી રાખી હશે ? દરેકના કેટકેટલા પ્રશ્નોનું સહજતા અને સરળતાથી નિરાકરણ કરાવી આપનાર શ્રી કૃષ્ણના મનમાં સદાય ચકરાવા લેતાં કેટલા બધા પ્રશ્નો અનુત્તર રહ્યા હશે ?

અહી મૂળ પાયાના પ્રશ્ન સંદર્ભમાં તેમના જીવનકાળ દરમ્યાન તેમની પોતાની દ્રષ્ટિએ જે કાંઈ અન્યાયો થાય છે અને જેને કારણે તેઓ ખૂબ જ વ્યથિત હતા એવા પ્રશ્નોની છણાવટ કરવાનો પ્રયાસ છે. મૂળ પ્રશ્નની શરૂઆત આ પ્રમાણે છે :-

જ્યારથી સમજણા થયા ત્યારથી એમને જે કાંઈ પ્રાપ્ત કર્યું એનું સ્વામિત્વ એમની પાસે કદી રાખ્યું નથી. રાજ્ય મથુરાનું હોય કે દ્વારકાનું, ઐશ્વર્ય વિશ્વકર્મા પાસેથી સાંપડયુ હોય કે સવિતાનારાણ પાસેથી સાંપડેલો સ્યમંતક મણિ હોય, આ બધુ જ હમંશા તેમના સ્વજનો તેમજ પરિવારજનો એવા યાદવકુળને ચરણે ધર્યું છે જે પરિવારજનોને ચરણે એમને આસક્તિરહિત કર્મના ઉપદેશ પ્રમાણે, કશીયે વળતી અપેક્ષા વિના આ બધું અર્પણ કર્યું એ પરિવારજનો તેમનાથી અસંતુષ્ટ કેમ ? આ વિષાદ તેમના ચિત્તને કોરી ખાતો હતો.

મહાયુદ્ધના પ્રથમ દિવસે અર્જુનના ચિત્તમાં પ્રગટેલો વિષાદ કૃષ્ણના સંસ્પર્શથી યોગ બની ગયો હતો, પરંતુ જો સ્વયં કૃષ્ણના ચિત્તમાં જ વિષાદ પ્રગટે તો એને કોણ યોગ બનાવી શકે ? આના સંદર્ભમાં શ્રી નારદ તેમના વિષાદનું સમાધાન રૂપે જણાવે છે કે :-

હે યદુનંદન !તમે જે કાંઈ પ્રાપ્ત કર્યું એ ‘‘અસામાન્ય’’ હતું પરંતુ તેનું વિતરણ તમે સામાન્ય જનોમાં કર્યું. તમારા આપ્તજનો કૃષ્ણત્વનો અંશ પામે એ પૂર્વેજ તમે આ સૌને તમારી સંપત્તિ અને ઐશ્વર્યના

સ્વામિ બનાવી દીધા. સ્વામિત્વ એક સંસ્કાર છે જે જન્મદત્ત નથી પરંતુ તેનું સંવર્ધન કરવું પડે છે. ઐશ્વર્યનું વિતરણ ઉત્તરાધિકારીઓ વચ્ચે જ થાય અને એ પણ ક્ષમતાના પ્રમાણમાં જ! અને તે પણ તમારા દેહધર્મો સમાપ્ત થાય એ પછી જ યોગ્ય ગણાત!

કૃષ્ણે ગામવાસી, દેશવાસી તેમજ કુટુંબ માટે કેટકેટલું કર્યું ? કેટલો ભોગ આપ્યો ? પરંતુ એ બધાએ તેમના પ્રત્યે કેવો વર્તાવ કર્યો ?

કૃષ્ણની બાલ્યાવસ્થા અને ગોકુળ ત્યાગની ક્ષણાથીમાંડી ગાંધારીના શાપ સુધીની ઘટનાઓ તપાસતા ફલિત થાય છે કે શ્રી કૃષ્ણ તેમના દુર્ભાગ્યના સ્મરણથી તેમની ઉત્તરાવસ્થામાં ખૂબ જ વ્યથિત હતા.

પ્રત્યેક નવા જનમતા બાળકનો પ્રથમ અધિકાર એની માતાની છાતીએ વળગીને દૂધ પીવાનો હોય છે. આઠઆઠ સંતાનોની માતાએ પોતાના એકેય નવજાત શિશુને છાતીએ વળગાડીને દૂધ પાયું નહોતું. તેમજ કૃષ્ણની બાલ્યાવસ્થા પણ જનેતાના દૂધથી વંચિત હતી. આ શું તેમનાં બન્નેનું દુર્ભાગ્ય ન હતું ? બાળકૃષ્ણને જનમતાની સાથે જ મારવા માટે કંસે મથુરામાં સંપૂર્ણ પ્રબંધ કર્યો હતો. ગોકુળ પહોચંતા જ વિષયુક્ત સ્તનપાન કરાવવા પૂતનામાસી આવી. ત્યારબાદ શટકાસુર, બકાસુર, ધેનુકાસુર વગેરેના ભય હેઠળ મૃત્યુ તેમને સતત શોધતુ રહ્યું. એ શું ઓછું દુર્ભાગ્ય હતું ?

ખૂબ જ નાનીવયે ઈન્દ્રના કોપમાંથી વ્રજભૂમિને ઉગારવા ગોવરધન ધારણ કરી, ગોકુળવાસીઓને થતાં અન્યાય સામે વિરોધ કરી તેમને વિજયી કર્યા ! કાલિયનાગને પરાસ્ત કરી ગોકુળવાસીઓને નિર્ભય અને ચિંતામુક્ત કર્યા ! આમ છતાં જ્યારે મથુરામાં કંસના ભય સામે સંદેશવાહક અક્રુર, વિષ્ણુયાગ યજ્ઞ નિમિત્તે, મથુરા લઈ જવા આવ્યા ત્યારે ગોકુળવાસીઓએ તેનો વિરોધ કેમ ન કર્યો ? કંસનું આ નિમંત્રણ છલનામય હતુ અને કૃષ્ણની હત્યા માટેનું એ એક ષડયંત્ર જ હતું. આખુ ગોકુળ આ પ્રસંગનું ગાંભીર્ય સમજતું હતું. આમ બાળપણથી જ મૃત્યુ જાણે કૃષ્ણને સતત શોધી રહ્યું હતું.

મથુરા પહોંચીને કૃષ્ણે મથુરાવાસીઓને જુલમી કંસના શાસનમાંથી મુક્તિ અપાવી. યાદવોનું ગણતંત્ર પુનસ્થાપિત કર્યું. એ જ કૃષ્ણને જરાસંઘ અને કાળયવનના સંયુક્ત આક્રમણ સામે ટકવા, વિકદ્રુ સહિત વરિષ્ઠ યાદવોએ મથુરાના દુર્ગમાંથી રવાના કરી પોતાના પ્રાણનું રક્ષણ શોધ્યું. સ્વયં મથુરાવાસીઓએ જ કૃષ્ણને આ ત્યાગ કરવાનું સુચવ્યું હતું ! એ શું ખરેખર યોગ્ય હતું ?

દ્વારકામાંથી સ્યમંતક મણિની ચોરી અંગે યાદવસભામાં સૌની શંકા તો કૃષ્ણ સહજભાવે જીરવી લીધી. જયેષ્ઠ ભ્રાતા બળદેવની શંકાથી તેઓ વિચલિત જરૂર થયા હતા, પરંતુ સ્વયં પત્ની સત્યભામાની આશંકાને કારણે તેઓ ક્ષુબ્ધ થઈ ગયા, દ્રવિત થઈ ગયા! એક ક્ષણ માટે તો જાણે તેમનું અસ્તિત્વ અંતરિક્ષમાં વિલિન થઈ ગયું હોય તેમ લાગ્યું !

મહાયુદ્ધને કારણે ભવિષ્યમાં થનાર રક્તપાતથી કૃષ્ણ અજાણ્યા નહોતા. તેઓ પોતે દૂતકાર્ય બજાવા કુરુસભામાં વિષ્ટિનો સંદેશો લઈને જાય છે. જે કામ કોઈ રાજપુરોહિત કે દૂતનું ગણાય એવી સામાન્ય ભૂમિકા ભજવવામાં પણ કૃષ્ણે પોતાના કોઈ ઔચિત્યનો વિચાર કર્યો નહોતો ! ઈન્દ્રપ્રસ્થના સમગ્ર રાજ્યને બદલે પાંડવો ફક્ત પાંચ ગામ થકી સંતોષ માનશે એ માટે પણ તેમણે તૈયારી કરી હતી. પોતાની ઉપરની દ્રૌપદીની શ્રધ્ધાને પણ હોડમાં મૂકીને શાંતી ખરીદવાનો પ્રયાસ કર્યો હતો. પોતાનું સમગ્ર કૃષ્ણત્વ દાવપર લગાડીને કર્ણને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમની નજર સામે તો પોતાના ભોગે પણ સમષ્ટિનું હિત અને વિશ્વનું કલ્યાણ જ હતું. કૃષ્ણે પોતાની કીર્તિ અને સમગ્ર

કૃષ્ણત્વ એક તરફ મૂકીને પણ યુદ્ધને નિવારવાનો સંનિષ્ઠ અને પ્રમાણિક પ્રયાસ કર્યો હતો. યુદ્ધ કે હિંસાને તેઓ અંતિમ વિકલ્પ તરીકે જ સ્વીકારતા અને છતાંય ગાંધારીએ કૃષ્ણને મહાયુદ્ધ માટે જવાબદાર અને દોષિત ઠરાવીને શાપ આપ્યો કે જે રીતે આજે કુરુકુળનો સંહાર થયો છે એજ રીતે સમગ્ર યાદવકુળ પણ એકબીજાને અંદરોઅંદર લઢીને આજથી છત્રીસમાં વરસે પરસ્પરનો નાશ કરશે. મહાયુદ્ધ નિવારવા માટે પોતે તો સર્વ મનુષ્યસહજ કર્મો પૂરી નિષ્ઠાથી કર્યા હતા અને છતાંય માતા ગાંધારીએ પોતાને અને સમગ્ર યાદવ પરિવારને શાપિત કર્યા એ શું ન્યાયી અને યોગ્ય હતું ?

છત્રીસમાં વરસના આંરભે સ્વપ્નમાં ઉંદરનો ડંખ અને પૂર્વની આભામાં પ્રગટેલું અજાણ્યું વર્તુળ, સ્વાતિ નક્ષત્રને અતીક્રમીને પરસ્પર નિકટ આવી રહેલા રાહુ અને કેતુના શાપિત તારાઓ. આ બધા સ્વપ્નમાના સંજોગો એ યાદવવંશના અંત તરફના પ્રયાણનો કદાચ સંકેત હોઈ શકે ! અઢાર અક્ષૌહિણી સેના વચ્ચે પણ જેમને શસ્ત્રનો છરકોય નહોતો થયો અને કંસ, ચાણુર અને કુવલયાપીડ આદિ સાથેના સંઘર્ષમાં પણ જેનો દેહ અક્ષુણ્ણ રહ્યો હતો એ દેહને ઉંદર જેવું ક્ષુદ્ર જંતુ કરડે એ સંકેત જાણે પ્રગલ્ભ મહાકાળનો કોઈક પદ્ધ્વનિ હોઈ શકે.

યાદવો મદ્યપ્રિય હતા. દ્યુત અને મદ્ય એ બન્ને રાજવી પરિવારોના ભૂષણ નહી પણ દૂષણ ગણાવવા જોઈએ. કુરુવંશને નાશ દ્યુતને કારણે થયો અને યદુવંશનો વિનાશ મદ્યને કારણે થયો. મદ્યના નશામાં, મહર્ષિ કશ્યપ સાથેના યાદવકુમારોના દુર્વ્યવહારના પ્રાયશ્ચિત રૂપે સમગ્ર દ્વારકામાં મદ્યનિષેદ જાહેર કરવામાં આવ્યો. મદ્યનિષેદ અંગેની ઉગ્રસેની ઘોષણા કૃષ્ણની ઈચ્છા મુજબની હતી. આ ઘોષણા એ આશાએ કરવામાં આવી હતી કે ભવિષ્યમાં થનારો વિનાશ યાદવોને કલંકિત થવામાંથી કદાચ ઉગારી લે. આ આજ્ઞાનું સખત પાલન થાય તો યાદવકુળ ગૌરવભેર પોતાના અંત સુધી પહોંચી શકે. પરંતુ ભાવિનું નિર્માણતો મહાકાળ જ નક્કી કરતો હોય છે. જયેષ્ઠ ભ્રાતા બળરામ, વરિષ્ઠ યાદવો અને પોતાના પુત્રો સહિત તમામ યાદવો તેમની મદ્યપ્રિયતાને કારણે કૃષ્ણને, અસત્યના આચરણ હેઠળ મળવાનું ટાળતા હતાં, અને કૃષ્ણ આ જાણતા હોવાથી ખૂબ જ વ્યથિત હતા.

સામર્થ એ અંહકારની ગંગોત્રી છે. યાદવો ખૂબ જ સમર્થ અને અહંકારી બની ગયા હતા. મહાકાળ સિવાય તેમનો નાશ કોઈ કરી શકે તેમ નહોતું. આમ આ તમામ વિનાશના લક્ષણોને ઓળખીને સ્વયં કૃષ્ણે જ સોમનાથ યાત્રાનું આયોજન કરાવ્યું જેથી દ્વારકાનો મદ્યનિષેદનો કાનૂન અહી લાગુ પડી શકે નહી. અહી સૌ મદ્યપાન કરે અને એની અસર હેઠળ વિનાશને સ્વયં નિમંત્રણ આપે અને મહર્ષિ કશ્યપ અને માતા ગાંધારીનો શાપ ચરિતાર્થ થાય.

આમ એક આખા યુગ જેટલા સમય સુધી અજેય ગણાયેલા આ યદુવંશના પરિવારજનોને, આપ્તજનોનો, પોતાના પુત્રોને અને સ્વજનોને અંદર લઢીને સર્વનાશમાં લુપ્ત થઈ રહેલા કૃષ્ણ ખિન્ન હૃદયે અને નિર્લેપભાવે નિહાળી રહ્યા. યાદવોનો આ ઉત્સવતો વિદાયનો મહોત્સવ હતો. મહાકાળના આ તાંડવને કૃષ્ણ તદ્દન તટસ્થ ભાવે નીરખી રહ્યા. કેટકેટલી વ્યથાથી કૃષ્ણે પ્રભાસક્ષેત્રના પર્યટનનું આયોજન કરાવ્યું હતું. અંત તો આરંભની સાથે જ નિર્માણ થઈ ચૂક્યો હોય છે. પ્રભાસતીર્થ ક્ષેત્રે શરૂ થયેલી યાદવાસ્થળીના કૃષ્ણ જાણે એકમાત્ર પ્રેક્ષક બની રહ્યા !

જેઓ આ જન્મ ધર્મના રક્ષક રહ્યા તે કૃષ્ણ જેવા મહામાનવીની પણ કેવી કરુણતા કે તેમનો જન્મ થયો કારાવાસમાં, દેહવિલય થયો પ્રભાસક્ષેત્ર જેવી અજાણી

અને એકાકી જગ્યાએ અને એય એક પારધીના હાથે અને ત્યારબાદ પણ તેમનો પાર્થિવ દેહ અંતિમ સંસ્કારની પ્રતિક્ષા કરતો આ સ્થળે કેટલાય દિવસો સુધી પડી રહ્યો. વિધીની કેવી વક્રતા કે આવા યુગપુરષ અને અસામાન્ય માનવીનું મોત પણ કેવું સામાન્ય કક્ષાનું !

આમ કૃષ્ણ જેવા મહામાનવ અને યાદવો જેવા સમર્થ પરિવારમાં પણ જ્યારે મહાકાળ અસ્ત થવા માંડે છે. ત્યારે કેવી વિનાશક છાયા અને બુદ્ધિભ્રષ્ટતા વ્યાપી જાય છે અને ત્યારે મહર્ષિ કશ્યપ અને માતા ગાંધારીનો શાપ યથાર્થ ઠરે છે....

.... અને કૃષ્ણના મૃત્યુ સાથે જ વર્ષોપૂર્વે મથુરાના કારાગારમાં રાત્રીના અંધકારમાં પ્રગટેલો એક મહાયુગ આવાજ અંધકારને ચીરતો સમાપ્ત થઈ ગયો.

... અને અધર્મનો નાશ અને ધર્મની સ્થાપનાર્થે અવતાર ધારણ કરનાર શ્રી કૃષ્ણ જેવા વિરલ અને વિરાટ વ્યક્તિના જીવનમાં પણ આવા અનેક હતાશાના પ્રસંગો ઉભા થાય આ બધા દ્રષ્ટાંતોનો સીધો, સાદો અને સામાન્ય અર્થ એ કરી શકાય કે પૂર્ણપુરસોત્તમ એવા સ્વયં ભગવાન શ્રી કૃષ્ણ પણ માનવ અવતાર દરમ્યાન માનવસહજ કર્મોને અને તેના ફલ સ્વરૂપે તેના પરિણામોને આધીન હોય ત્યારે આપણા જેવા સામાન્ય માનવીઓ શી રીતે બાકાત રહી શકીએ ? આવા સંજોગો દ્વારા મહાકાળનો સ્પષ્ટ સંદેશો છે કે સારા અને કપરાં સમયમાં, સુખ અને દુઃખમાં માનસિક સમતુલન (સ્થિતપ્રજ્ઞતા) જાળવાનું ખૂબ જ જરૂરી છે. કારણ જીવનમાં કદીયે કોઈને કંઈપણ સંપૂર્ણ પ્રાપ્ત થતું નથી. માનવ અવતાર ધારણ કર્યા ત્યારે તેમને પણ અપૂર્ણતાનો અનુભવ થયો. આ અપૂર્ણતા નિવારણ અર્થે શ્રી કૃષ્ણે ગીતામાં જણાવ્યા પ્રમાણે ફળની આસક્તિ વિના કર્મો કરતા રહેવાથી વિધીની પ્રત્યેક ગતિવિધી નિર્લેપભાવે નીહાળી સ્વસ્થ રહી શકાય. અને આ એક મંત્રને જીવનમાં ઉતારી શકાય તો શેષ જીવન સફળ બને.

અને આમ.....

યદા યદા હી ધર્મસ્યથી શરૂ થયેલો એક મહાયુગ, મા ફલેશુ કદાચનના બોધ સાથે સમાપ્ત થયો.

***❐ સુરેન્દ્ર મોદી (ચોધરી)***

---

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

સમાજની કાર્યવાહક સમિતિની એક સભા સમાજના પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહના લોનાવલાના નિવાસસ્થાને રવિવાર તા. ૧૯-૧-૦૩ના રોજ રાખવામાં આવી હતી.

સમાજના મંત્રી શ્રી વિજય શાં. ધારીઆનું રાજીનામું સખેદ સ્વીકારવામાં આવ્યું હતું. અને તેઓએ કરેલ સેવાની નોંધ લેવામાં આવી હતી.

સમાજના મંત્રી તરીકે શ્રી ધીરુભાઈરમણલાલ શેઠની નિમણૂક કરવામાં આવી હતી.

તા. ૨-૧૦-૦૨ના રોજ શરદી/સાયનસ/વાળ ખરવા/ખરજવું તેમજ મરડો/સંગ્રહણી જેવા રોગો અંગે ઔષધાલયમાં એક કેમ્પ રાખવામાં આવ્યો હતો. તેમાં ૪૪ દર્દીઓએ લાભ લીધેલો. દરેક દર્દીને પાંચથી દસ દિવસની દવા મફત આપવામાં આવી હતી.

***લી.***

***વસંત પરીખ, ધીરુભાઈ શેઠ***

***માનદ્ મંત્રીઓ***

# પ્યારા બાપુની આત્મકથાનું વિશેષવાંચન

**સાહિત્ય સ્પર્ધા**

સાહિત્ય એટલે જ્ઞાન ભંડાર, જેમાંથી આપણે દિવ્યતા પ્રાપ્ત કરી શકીએ છીએ, જેનું વાંચન વિશાળ હોય એ આ દિવ્યતા પ્રાપ્ત કરી શકે છે. પુસ્તક ધાર્મિક હોય. વ્યક્તિ વિશેષ માટે હોય. આત્મકથા હોય કે પછી કુંકિંગ માટેનું વાનગીનું પુસ્તક હોય. રસોઈમાં રૂપ, રંગ, સ્વાદ અને સુગંધ મેળવી વિવિધતા પ્રાપ્ત કરી ઘરની વ્યક્તિઓ, માતાઓ, સાસુઓને મલપતિ અને સુંવાળી રાખી શકાય છે. આ તો દાખલારૂપ છે. આ જ રીતે પુસ્તકનું વાંચન કરીએ એના રસ, રૂપ, સ્વાદ અને સુગંધને આપણે પચાવી અને જીવન જીવ્યાની સાર્થક્તા મેળવી શકીએ છીએ. પ્રસ્તાવના લાંબી થઈ જાય એ પહેલા મેં જે વાંચીને માણ્યું છે અને મેળવ્યું છે, પચાવ્યું છે એ હું સંક્ષિપ્તમાં રજુ કરીશ અને આજની સ્પર્ધા પણ આજ માંગે છે.

નવલકથાઓ, વાર્તાઓ, ઘણી ઘણી વાંચી છે. પરંતુ આ એક આત્મકથા વાંચી અને તે પણ આપણા પ્યારા બાપુની, એવી એ મહાન વિભુતિની કે જેમને ભગવાનનું બિરુદ આપવાનું જ મન થાય છે. ભલે તેઓ Father of the Nation કહેવાયા હોય પરંતુ જેમ કૃષ્ણ ભગવાન, શ્રી રામ ભગવાન, શ્રી ચૈતન્ય મહાપ્રભુજી પૂજાય છે મંદિરોમાં અને ઘરેઘરોમાં, એવી જ રીતે કદાચિત હું એમને મંદિરમાં ભગવાનરૂપે મૂર્તિમંત કરું તો ય મને ઓછું ઓછું લાગે છે, એ વિરલ વિભૂતિએ મારા દેશના લોકોને પૂરતાં વસ્ત્રો મળતાં નથી અને હું માથે પાઘડી બાંધુ ? એક ગરીબ નારીને પોતાનું શીયળ છુપાવતાં છુપાવતાં અડધું વસ્ત્ર ધોઈ પાછું એ વડે તન ઢાંકી બાકીનું વસ્ત્ર ધોતી હતી. આ જોઈ એમણે પાણીમાં પોતાનો ફેંટો વહેતો કર્યો અને ત્યારથી તેમને ટૂંકી પોતડી અને ખભે ખેસને પોતાનો પહેરવેશ બનાવ્યો. પછી ભલે ઠંડી હોય કે ગરમી તેમને આજીવન આ જ પહેરવેશને અપનાવી લીધો હતો. દેશના સ્ત્રી ધનને શીયળ સાચવવા માટેની મુશ્કેલી જોઈ દ્રવિત મન થયું. તે પૂજનીય છે. દેશના કોમી રમખાણો વખતે ૭૪ ઉપવાસ કરનાર એ વિરલ વ્યક્તિ શું પૂજનીય નથી? આવા તો ઘણી વખત તેમણે ઉપવાસ કર્યા હતા. દેશમાં શાંતિ જાળવવા માટે અને હરિજનોનો ઉદ્ધાર પણ તેમણે જ કર્યો. ભારત દેશમાંના નાના નાના ગામડાઓમાં પાયખાના વાળવાના મળમૂત્રથી છલાતાં ટીનો માથે ઉપાડીને નાંખવાના, એઠું જુઠું ખાવા અધ્ધરથી મળે, આવા ભંગી સમાજના લોકોને હરિજનનું હુલામણું નામ આપી તેઓ પણ આપણા જેવા જ માનવી છે, તેમને મંદિરોમાં આવતા કર્યા. વળી રક્તપિતીયાઓની, કોઢીઓની સેવા જાતે કરતાં અમદાવાદના સાબરમતી આશ્રમમાં, આજે તમે તમારા ઘરનાની પણ ચાકરી મલમપટ્ટી કરતાં ઉંચાનીચા થશો. કસ્તુરબાએ એકવાર સંડાસ ધોવાનો વિરોધ કર્યો હતો ત્યારે તેમણે, તેમને તે ધોવા માટે ફરજ ફોર્સ પાડ્યો હતો. નાનામાં નાનો પેન્સીલનો ટૂકડો પણ છેવટ સુધી વાપરવાનો આગ્રહ રાખતા જ્યારે આજે તો સ્કુલોમાં શિક્ષિકાઓ નાની અડધી પેન્સીલો બારી બહાર ફગાવી દે છે અને ઉપરથી શિક્ષા(પનીશ) કરે તે જુદું. આવી જ રીતે પાણીનો ભરેલો એક લોટો પણ વ્યર્થ વેડફી દેવાના સખત વિરોધ કરતાં અને આપણને તરસ લાગી હોય અને એક ગ્લાસ પાણી ન મળે તો આપણે આકળવિકળ થઈ જઈએ છીએ. ત્યારે જ આપણને પ્યારા બાપુની આવાત સમજાશે કે પાણીનું એક ટીપું પણ વ્યર્થ ન બગાડવું જોઈએ. પાણીની વાત તો, આજે પણ આ સમસ્યાઓને સર્વેએ નીવારવા જેવી જ છે, બિલકુલ પાણીનો વ્યય ન જ થવો જોઈએ. એકલા પાણીનો જ નહીં વીજળીનો પણ વ્યય ન જ થવો જોઈએ

અને આજે પણ એટલું જ જરૂરી છે. વળી દીવો ઘીનો યા તેલનો બાળીએ તો કેટલું તેલ અને રૂ વેસ્ટ જાય અને એમાંથી કેટલાંયને કપડાં અને પોષણ મળે તે માટે તેઓ દીવો કરવાના પણ પ્રખર વિરોધી હતા. આ તો બધી નાની નાની પણ ગહન વાતો હતી.

તેમનું ટટ્ટાર ચાલવાનું, અડગ નિશ્ચયી બોલ, સત્યાગ્રહીમન રમુજી પણ એટલા જ. અંહિંસાને પરમો ધર્મ બનાવનાર, સત્ય અહિંસાથી આચરણ કરનાર જીવનને દેશને માટે શહીદી આપનાર, આવા સુકલકડી એવા પરમ પિતા પૂજનીય છે, વંદનીય છે એ વાત કોણ નકારી શકશે.

વિદેશમાં બેરીસ્ટરની ડિગ્રી હાંસલ કરી પણ માતાને આપેલા ત્રણ વચનોનો પૂર્ણરૂપે અમલ કરીને દેશમાં કોંગ્રેસની સંસ્થાનું સ્થાપન કર્યું, ત્રિરંગાને જે માન આપ્યું, રંગ આપ્યો, એ વાત કેમ ભૂલાય. જેલમાં બેસીને તેમણે આત્મકથા લખી હતી. સમયને કદી ક્ષણભર પણ વેડફ્યો નથી. બહુ જ થોડા કલાકની નીંદર લેતા. બકરીનું દૂધ પીતા એવા આપણા પ્યારા બાપુએ આઝાદીની ચળવળ શરૂ કરી, તેમની આ અહિંસક લડતમાં નાના, મોટાં, ઘરડાં તથા સ્ત્રીઓ સર્વે જોડાયાં. આ જુવાળ જેણે જોયો હોય, માણ્યો હોય એ જ સમજી શકે કે પ્યારા બાપુ શું ખરેખર દેવ હતા? અંગ્રેજી હુકુમતને બધી જ રીતે નમાવીને છેવટે આઝાદી મેળવી પોતાનો હક્ક એટલે કે દેશ માટેનો હક્ક એ સામે પણ અવાજ ઉઠાવી, બેરીસ્ટરીથી જવાબ આપી દેતા હતા. દાંડીકુચ, અંગ્રેજો પાછા જાવ, ગામડે ગામડે પ્રભાત ફેરીઓ કરી બ્યુગલો વગાડી દેશને ગુલામીમાંથી મુક્ત થવા જાગૃત કર્યો. આ બધું તો કદાચ બધાં જ જાણતા જ હશે, પરંતુ મને તેમની બે વાત ઘણી ઘણી પ્રિયકર લાગી. એક તો ચરખો ચલાવી, રેટિંયો કાંતી જે ખાદીને એમણે મહત્તા આપી એ જ, નાના મોટા સૌ કોઈ કાંતતા અને એમાંથી ખાદી વણીને લોકોના તન ઢંકાય એવા કપડાં જાતે જ તૈયાર કરતાં શીખવાડ્યું અને ગ્રામોદ્યોગને મહત્તા આપી, રોજી રોટી લોકો મેળવી શકે. દર સોમવારે મૌન વ્રત પાળતા અને મંદિરમાં દેવ વસતો નથી એ એમણે સિદ્ધ કરી બતાવ્યું. રોજ સવારે અને સાંજે નિયમિત બધા જ કામ છોડી ઝાડ નીચે બેસીને 'રઘુપતિ રાઘવ રાજા રામ, પતીત પાવન સીતા રામ'નો નામ જપ કરતાં. મંદિરો મોટા મોટા બાંધવા, મૂર્તિનું નીરૂપણ કરવું, એટલો રોજનો ખર્ચ, ધુપ, દીપ, પ્રસાદ અને આ બધું આપણા ગરીબ દેશને કેમ પોષાય? મંદિરની ભીડથી દૂર ઝાડ નીચે બેસીને પવનમાં કુદરતનાં સાનિધ્યમાં પ્રભુનામનો જપ કરવો એ જ એમના મહાન આદર્શ, વિચારોની તુલના કરી આપે છે, કે પ્રભુ પંચ મહાભૂતમાં વસેલો છે. જેમ ઈશ્વર સર્વ શક્તિમાન છે, તેમ ગાંધી બાપુના આદર્શ સર્વશક્તિમાન છે; અહિંસાના પુજારી, અડગ નિશ્ચયી, સત્ય વચની એવા પ્યારા બાપુનું કસ્તુરબા સાથેનું આદર્શ લગ્ન જીવન હતું. આવા ગુણસંપન્ન બાપુને કઈ રીતે બિરદાવીએ, એમણે આફ્રિકામાં આપેલી ગોરા અને કાળાની લડત તેઓ કેટલા સ્વમાની હતા તે બતાવે છે. ભક્ત કવિ નરસિંહ મહેતાનું ભજન 'વૈષ્ણવ જન તો એને કહીએ....જે પીડ પરાઈ જાણે રે...' તેમના જીવનમાં અક્ષર સહ પચાવ્યું હતું. જીવનના તાણે વાણે તેમણે આ ભજનના અક્ષરો વણી લીધા હતા.

ક્રુર એવા અંગ્રેજોને અહિંસક રીતે લડત આપીને આઝાદી મેળવી, લોકોમાં જાગૃતિ આણી એવી કે આઝાદીની લડતમાં લોકો હસતાં હસતાં ફાંસીએ ચડવા, ગોળીએ વિંધવા, જેલોમાં જવા લાઠીનો માર સહેવા ને સ્વયં સેવિકા બનવા ઘર છોડી બહાર પડતી હતી. સ્વદેશી માલની હિમાયત કરી વિલાયતી માલની હોળી સળગાવી હતી. લોકોએ ઘરે ઘેર અને અત્યારે

પણ આપણી ફેક્ટરીઓ આ જ કારણથી બંધ પડતી જાય છે. કારણ બિકાઉ પોલીટીશીયનો પોતાના ખિસ્સા ભરી પરદેશી માલની હિમાયત કરીને આપણા ભારત દેશની ઈકોનોમીને તોડી રહ્યા છે. પ્યારા બાપુનું સોનેરી સપનું રોળી રહ્યા છે. આજના આપણા ભણતરમાં, આપણા આ યુગમાં આવા અવતારીય પુરુષને જન્મ આપનાર માતા પુતળીબાઈને હું જરૂરથી વંદના કરીશ.

શ્રી કૃષ્ણાની લીલાને યાદ કરી આપણે પૂજીએ છીએ, પરંતુ પ્યારા બાપુએ દેશને માટે પોતડી અપનાવી. દેશની શાંતિ માટે ઉપવાસો કર્યા, હરિજનોને ઉદ્ધાર્યા, કોઢી અને રક્તપીતીયાની ચાકરી જાતે કર, દેશની ગુલામીની શૃંખલા તોડી અહિંસક લડત આપી ક્રુર અંગેરજોના સીતમમાંથી દેશને આઝાદી અપાવી, ત્રીરંગાની શાન વધારી, ગરીબ અને પૈસાદાર સૌ કોઈ અડધોથી એક કલાક રેંટિયો કાંતતા, ખાદીને નેશનલ પહેરવેશ ગણ્યો. સમુહ કાંતન, સમુહ પ્રાર્થના પંચમહાભૂતના એટલે કે કુદરતના સાનિદ્ધયમાં કરતાં, તે સમયે સર્વ કામ છોડી દેતાં, 'વૈષ્ણવજન' ભજનના અક્ષરોસહ જીવનમાં પચાવી એના તાણેવાણે જીવન વિતાવી એવા 'Father of Nation'એવા એકલા ભારતના જ નહીં આખી દુનિયાના 'ગોડ ફાધર' બન્યા. જેના ગુણ ગાઈએ એટલાં ઓછાં ઓછાં છે.

આત્મકથાનું પાને પાને જીવનમાં ઉતારવા યોગ્ય છે. એમાંના એકાદ ફકરાની શી વિસાત. આ પુસ્તક મેં ઘણા ઘણા વર્ષો પૂર્વે વાંચેલું છે. જ્યારે મારા લગ્ન પણ થયાં ન હતાં. પરંતુ મેં અને મારા મમ્મીએ બાપુના આદર્શના પગલે ચાલવાની અપનાવવાની થોડી કોશિશ જરૂરથી કરી છે. બાપુની આત્મકથા વાંચ્યા પછી તેને માણ્યા પછી શું મંદિર અને શું મસ્જિદ? પ્રભુ તો કુદરતમાં સાંનિધ્યમાં જ રહેલો છે. પ્રાર્થના, પ્રાર્થના જ છે; ખરા મનથી, નિર્મળ ભાવથી થાય એ જ પ્રાર્થના! સંકિર્તન, નામ જપ, શાંત અને એકાગ્ર મનથી થાય એ જ પ્રભુ જુએ છે. પછી ઝાડ નીચે બેસીને કરો કે ઘરમાં આ તો અત્યારે મોટા મોટા મહારથીઓ અનં સંતો વચ્ચે થતી મંદિર મસ્જીદની લડાઈ? શાને બાપુને વિસરાય છે? તમને નથી લાગતું કે બાપુ જે આપી ગયા છે એમના જીવનના અંશ રૂપે તે ઘણું ઘણું સાચું છે. આજે કોઈ એક વ્યક્તિ પણ એવી નહીં હોય કે જે પોતાના મરણ સમયે જ્યારે તેને ગોળી વાગી હોય એવે સમયે 'હે રામ' ઉચ્ચારી શકે આવા ગુણોના ભંડાર તો કોઈ વિરલ વિભુતી જ હોઈ શકે અને મને બાપુની આત્મકથામાંથી આ બહુ જ ગમ્યું છે. પ્રભુ તમારી સાથે તમારામાં જ વસે છે...

પ્રભુ ધરતીના કણમાં વસતો,<br>
પ્રભુ પાન પાન ડાળ ડાળ ઝુલતો,<br>
પ્રભુ ધરતીની રજમાં રમતો,<br>
પ્રભુ નદીઓનાં નીર જોઈ હસતો ને ગાતો<br>
સૂરજના તેજમાં તપતો ને<br>
મધુર ચાંદનીમાં શીતલતા વેરતો<br>
પંખીઓની ચહેકમાંએ બોલતો<br>
વીજ, વાયુને બરખામાં મધુર સંગીત રેલાવતો....<br>
પ્રભુએ મીટ્ટીએ માઘો બનાવ્યો...

❖ ❖ ❖

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ –**

## દાતાઓનો આભાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ માટે શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી તરફથી રૂા. ૪૯,૦૦૦/- (અંકે ઓગણપચાસ હજાર રૂપિયા પુરા) પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત તેમના તરફથી રૂા. ૫૧,૦૦૦/- (અંકે એકાવન હજાર રૂપિયા પુરા) પણ મળ્યા હતા. મંડળ તેમનો હાર્દિક આભાર માને છે.

***– શીરીષ પરીખ***
***માનદ્ મંત્રી***

## DONATIONS PROMISED / RECEIVED ON MARRIAGE OCCSION

| Father / Donor's Name | Bride ' Groom's Name | Date of Marriage | Donation Amount (Rs.) |
|---|---|---|---|
| Shri Ajay Natverlal Shah (Nagarsheth) | Nevil (Groom) | 24-01-2002 | 51,000.00 |
| Shri Deepak Navnitlal Shah (Zat) | Aniket (Groom) | 24-01-2002 | 1,00,000.00 |
| Shri Vijay Ochhavalal Kadakia | Miloni (Bride) | 24-01-2002 | 51,000.00 |
| Smt. Kokilaben Rasiklal Mody (Dev) | Purvi (Bride) (D/O Shri Vinit Mody) | 17-02-2003 | 1,00,000.00 |
| Shri Shailesh Kantilal Dharia | Sumit (Groom) | 20-02-2003 | 25,000.00 |
| Shri Sunil Vinodchandra Shah (Vadodarawala) | Prachi (Bride) | 20-02-2003 | 25,000.00 |

**THE SAMAJ CONVEY THEIR GRATITUTDE TO THE DONORS FOR THE GENEROUS DONATIONS**
The Samaj also requests the donors to contact Shri Vrajesh Desai, Hon. Secretary, Pragati Samaj or Bhandol Samiti Convener, Shri Pankaj Dharia (Tele : 2342 1434 / 2342 2991) whose names are not published in the JOYTI PUNJ though the donations have been confirmed but missed out due to the oversight.



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ :-

તા. ૨૪.૩.૨૦૦૩ સોમવારે નાટક રાખવામાં આવ્યું છે.

### કાર્યક્રમની વિગત :

**નાટકનું નામ** : ''સપના સુખી સંસારના'' (મનસ્વી દિક્ષિત)

**તારીખ** : ૨૪.૩.૨૦૦૩ સોમવાર બપોરે ૩ થી ૬

**સ્થળ** : 'તેજપાલ ઓડીટેરીયમ' ઓગષ્ટ ક્રાંતીમેદાન પાસે

**પાસ આપવાની તારીખ** : ૧૯.૩.૨૦૦૩, બુધવારે બપોરે ૩ થી ૫

**એન્ટ્રી ફી તથા સ્થળ :** રૂા. ૫૦/- એદરેશર સ્ટ્રીટ, સંસ્થાની ઓફિસેથી. વહેલો તે પહેલોના ધોરણે તમે કમીટીબેનોને નામ આપી શકો છો અને સંસ્થાની ઓફીસેથી પણ તમોને પાસ આપવામાં આવશે. શક્ય હશે અને પાસ વધશે તો હેમુ કડકીયા : ફોન નં. : ૨૩૦૭૧૨૨૫ ફોન કરી તા. ૨૨ મી માર્ચ પહેલા પાસ મેળવી લેવા. કમીટીબેનો પાસેથી પણ પોતાના પાસ મેળવી લેવા હોલ પર પાસ લેવાનું રાખતા નહિ. કાર્યક્રમ ના પાસ માટે રાહ જોવાથી કાર્યક્રમ મોડો શરૂ ન થાય અને સમયસર કરવા માટે તમારો સહકાર જોઈએ છીએ. સમયસર આવી પોતાની જગ્યા મેળવી લેવી.

આ સાથે ૨૦૦૩ એપ્રિલથી નવુ વર્ષ શરૂ થશે તો તેનું લવાજમ મોઘવારી વધતી હોવાથી ન છુટકે રૂા. ૫૦/- ને બદલે રૂા. ૭૦/- કરવામાં આવ્યા છે. તા. ૧૯ મી માર્ચે સંસ્થાની ઓફીસમાં તમારુ લવાજમ ભરી શકો છો. તથા કમીટીબેનો પાસે પણ ભરી શકો છો.

## થઈ ગયેલ કાર્યક્રમ :-

તા. ૧૨મી ફેબ્રુઆરી બુધવારે રામબાગમાં વાનગી તેમજ આરતી હરીફાઈ રાખી હતી. કંદમાંથી વાનગી ગળી અને તીખી બનાવવાની હતી. બેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બંને મળી કુલ ૪૬ બેનોએ ભાગ લીધો હતો. આરતીનું સુશોભન ઘરેથી કરીને લાવવાનું હતું. બેનોએ ખુબ જ સુંદર રીતે આરતી બનાવી હતી. આ બંને હરીફાઈમાં ચાર-ચાર ઈનામો તેમજ ગળી વાનગીમાં એક ઈનામ. કુલ નવ ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર દરેક બનોને બે પ્લાસ્ટીકના ડબ્બા અને એક ગ્લાસ આપવામાં આવ્યા હતા. ચાઈનીઝ આઈટમ ''સીઝવાન રાઈસ, મન્ચુરીયન સુપ અને ચાઈનીઝ ભેલ''નું ડેમોસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતુ. ડેમોસ્ટ્રેશન જાગૃતીબેન શાહે આપ્યું હતું. હરીફાઈના જજ શ્રી સુરેખાબેન કડકિયા, ઉષાબેન મરચંટ તથા જાગૃતિબેન શાહ હતા. જજ તરીકે આવનાર ત્રણે બેનોનો ખુબ ખુબ આભાર. કાર્યક્રમમાં આવનાર દરેક સભ્ય બેન પાસેથી રૂા. ૫/- એન્ટ્રી ફી લઈ ગ્લાસ તથા રેસીપી આપવામાં આવ્યા હતા. બેનોએ ખુબ જ સુંદર રીતે આરતી સજાવી હતી. તેમજ વાનગીમાં પણ સજાવટ કરી હતી. હજુ પણ બેનો વધુને વધુ લાભ મેળવે. અમને સહકાર આપે એવી અપેક્ષા રાખીએ છીએ. તમારા સજેશનો અમને માન્ય છે.

કાર્યક્રમ વખતે તમારા લેખીત  સજેશનો આપવા વિનંતી છે.

**વાનગીના ઈનામ**

૧. રશ્મીકા મોદી - દહીંવડા
૨. કેતકી શાહ - બર્ડનેસ્ટ
૩. લીના ધારીઆ - ચેતામરી
૪. સોહિણી કડકિયા - દહીંવડા

**આરતીના ઈનામ**

૧. બિંદીયા જાની
૨. નુતન પ્રકાશ શાહ
૩. મીના કિરણ મોદી
૪. રાગીણી અનુપ શેઠ

ગળી વાનગીનું ઈનામ શક્તિ કડકિયાને આપવામાં આવ્યું હતું.

વિજેતા બનનાર બેનોને અમારા અભિનંદન.

મોટી સંખ્યામાં ભાગ લઈ સાથ અને સહકાર આપશો. બેનોએ પ્રોગ્રામમાં આવ્યા પછી ઘરે જવાની ઉતાવળ વધુ હોય છે. તો પ્રોગ્રામમાં ટાઈમસર આવવાની પણ ઉતાવળ રાખશો. સમયસર આવવા વિનંતી.

તા. ૨૫મી એપ્રિલ શુક્રવારે બપોરે ત્રણ વાગે ''હરિભાઈ કોઠારી''નું પ્રવચન રાખવામાં આવ્યું છે વધુ વિગત આવતા અંકે.

આ કાર્યક્રમ વખતે આપના જ સભ્યબેન કનકલત્તા મોદીના દીકરા બીરજુભાઈ એ કાંટાળી વનસ્પતી પણ શરીરને  માટે ખૂબ જ ઉપયોગી એવી 'કુંવર પાઠું'માંથી બનતી. આર્યુવેદીક દવા શરીરને ઉપયોગી નીવડે તો આ વિષય ઉપર સમજદારી આપી હતી. તેમનો ખૂબ જ આભાર.

*- હેમુ કડકિયા- સંયોજક*

**પહેલુ ઈનામ :**

## કંદના વેજીટેબલ દહીંવડા

**સામગ્રી :** ૦૧ કિલો કંદ, ૫૦ ગ્રામ વટાણા, ૨ નંગ ફણસી, એક નાનું ગાજર, કોથમીર મરચાં, મીઠું, સાકર, ૧૦૦ ગ્રામ અળદની દાળ, તળવા માટે તેલ, દહીં જરૂર પુરતું, જીરૂ પાવડર, લાલ મરચાની ભુકી

**રીત :** પ્રથમ કંદને પાણીમાં બાફી લેવું તેમજ વટાણા ફણસીને ગરમ પાણીમાં મીઠું તેમજ ચપટી સોડા નાખીને બાફી લેવા. તેમજ ગાજર પણ તેમાં નાખી દેવા. બધું બફાઈ જાય એટલે પાણીમાંથી નીતારી લેવું. ત્યારબાદ અળદની દાળને રાતના પલાળી અને સવારના મીકસરમાં વાટી લેવું. તેનું પાતળું ખીરૂ તૈયાર કરવું અને કંદને મસળીને તેની અંદર બાફેલા શાકભાજી તથા સ્વાદ અનુસાર ઉપર બતાવ્યા મુજબ મસાલા નાખવા અને પુરણ મસળીને તેના ગોળા નાના વાળીને જે અળદની દાળનું પાતળું ખીરૂ તૈયાર થયું છે તેની અંદર તે ગોળાને બોળી ને તેલમાં તળી લેવા અનો થોડાક ઠંડા પડે એટલે એક પ્લેટમાં વડા ગોઠવી દેવા અને દહીંને વલોવી તેમાં મીઠું તથા થોડી સાકર નાખી દેવી. અને વડા ઉપર પહેલા દહીં નાખી તેના પર લાલ મરચું, જીરૂ તથા ગળી  અને તીખી ચટણી નાખીને કોથમીર છાંટી સર્વ કરવા.

**ત્રીજું ઈનામઃ**

## ચેતામરી

**સામગ્રી :** ૧ કપ ચોખાનો લોટ, મીઠું અને પાણી નાંખી પુડલા જેવું બેટર રેડી કરો

**સ્ટફીંગ :** ૨ ટેબલ સ્પુન સરસીયું તેલ, ૧૦૦ ગ્રામ કંદ, ૧ ટી.સ્પુન આદુ લસણની પેસ્ટ, ૧/૨ કપ ચીઝ, ૧/૪ ટી. સ્પુન ગરમ મસાલો અથવા ૧/૨ ટી. સ્પુન કાળો મસાલો, લાલ મરચું, ૨ ટી. સ્પુન લીંબુનો

રસ, ૧/૨ ટી. ધાણાજીરૂ, ૧/૪ ટી સ્પુન હળદર, એક થી બે લીલા કાંદા ચોપ્ડ, એક થી બે ટોમેટો ચોપ્ડ, ૧-૨ લીલા મરચાં ચોપ્ડ, ૨ ટે.સ્પુન કોથમીર, ૨ ટે. બટર, ૧/૨ કપ પનીર, મીઠું સ્વાદ અનુસાર

**રીત :** કંદને સ્ટીમ કુક કરો. જાડી ખમણીએ ખમણી નાંખો. ફ્રાય પેનમાં તેલ સરસીયું મૂકો, ગરમ થાય એટલે તેમાં લસણ આદુની પેસ્ટ નાંખો, જરાક સાંતળીને તરત જ તેમાં કંદ ખમણેલું સાંતળો, તેમાં સીઝનીંગ નાંખો, પનીર છીણી કરીને નાખો, હલાવો, થોડી કોથમીર તથા લીંબુનો રસ, લીલા મરચાં ચોપ્ડ નાંખો, હલાવો ને ઉતારી લો. તવીને તેલ ચોપડી, થોડી તપાવીને પછી જ બેટર પાથરો. નાના ઉત્ત્પાની જેમ. તેની ઉપર તરત જ સ્ટફીંગ ૨ ટે. સ્પુન પાથરો. તેની આજુબાજુ ફરતે બટર સ્પ્રેડ કરો. આ સ્ટફીંગ સ્પ્રેડ કર્યા પછી તેની ઉપર ફરીથી બેટરનું લેયર કરો. ધીમેથી ઉલટાવો એ પહેલાં તેની ઉપર લીલા કાંદા, ટોમેટો, કોથમીર સ્પ્રીંકલ કરોને પછી ઉલટાવો. તેની ઉપર બટર સ્પ્રેડ કરો ને ક્રિસ્પ થાય એટલે ગરમ સર્વ કરો.

***નોંધ :*** ૨ જા લેયરને બદલે તમે ઓમલેટનું લેયર કરી શકશો. તેમાં જ લીલા કાંદા, ટોમેટો, કોથમીર નાંખવા. સ્વાદમાં લાજવાબ અને વિટામીનથી ભરપુર.

**પહેલું ઈનામ :-**

**ગળી વાનગી :**

## ડીલીસીયસ જીમીકંદ વીથ કેશ્યુનટ

**સામગ્રી :** ૧/૪ કિલો કંદ, ૧૦૦ ગ્રામ કાજુ, ૫૦ ગ્રામ માવો, ૧૦૦ ગ્રામ સાકર, વરખ, અડધી વાટકી દૂધ, પેપર કપ

**રીત :** કંદને બાફીને ખમણી લેવું. એક પેણીમાં દૂધ નાંખી ખમણેલું કંદ, સાકર તથા માવો નાંખી હલવો બનાવવો. પછી. તે ઠંડો પડે એટલે તેના બોલ બનાવી કાજુના બોલ અંદર મુકી બંધ કરી દેવા. કાજુનો ભુક્કો કરી સાકર તથા ૧ ચમચી દૂધ નાંખી ગરમ કરી તેને લચકા પડતું બનાવવું. પછી તેની ગોળી વાળવી. આ લવંડર ગોળા વરખમા રગદોળી સીલ્વર બોલ બનાવવાય પછી તેને વચ્ચેથી કાપી પેપર કવરમાં મૂકી દેવા. ઉપર રેડ ચેરીથી ડેકોરેશન કરી પેશ કરવું. આ ઘી વગરની મીઠાઈ કીટીપાર્ટીમાં તથા જમણવારમાં પણ ખુબજ આકર્ષક લાગે છે.

## માંન્ચાઓ સુપ

**સામગ્રી :** ૬ ટે. સ્પન બારીક સમારેલા શાક (કોબી, ગાજર, કેપ્સીકમ, ટામેટા), ૩ ટે. સ્પુન કોર્નફ્લોર, ૧/૨ ટી. સ્પુન આજીનો મોટો, ૧ ટી સ્પુન વીનેગાર, ૧ ૧/૨ ટે. સ્પુન સોયાસોસ, મીઠું, મરી, ૨ ટી. સ્પુન ઝીણા સમારેલા આદુ, લસણ, મરચા, ૫ કપ પાણી, ૧ ટે. સ્પુન તેલ, ૧ ટે.સ્પુન કોથમીર

**રીત :** એક કડાઈમાં તેલ ગરમ કરો. આદુ, લસણ, મરચાં, શાક અને આજીનો મોટો નાખી ૨-૩ મિનિટ ફાસ્ટ તાપે હલાવો, ૪ કપ પાણી નાખો. ઉકળે એટલે મીઠું, મરી, વીનેગાર, સોયાસોસ નાંખો જાડું થાય એટલે કોથમીર નાંખી હલાવીને ઉતારી લો.

## ચાઈનીસ ભેળ :

**સામગ્રી :** ૨ કપ તળેલી નુડલ્સ, ૧ ૧/૨ કપ ફણસી, ગાજર લાંબા સમારી મીઠું નાંખી બાફેલા, ૧/૨ કપ કેપ્સીકમ લાંબા કાપેલા, ૧/૨ લીલા કાંદા ભાજી સાથે કાપેલા, ૨ ટે. સ્પુન તેલ, ચપટી આજીનો મોટો

**સ્વીટ સોસ :** ૧/૪ કપ આમલીનું પાણી, ૧/૪ કપ સાકર, ૧/૪ કપ પાણી, ૧ ટે. સ્પુન સોયાસોસ, ૧ ટી. સ્પુન લાલ મરચું, ગરમ મસાલા, ચપટી આજીનો મોટો

**રેડ હોટ સોસ :** ૨ ટામેટા, ૬-૮ બોરીયા મરચા,

૧ ટે. સ્પુન વીનેગાર, રેડ કલર

**રીત :** એક વાસણમાં તેલ ગરમ કરો. કેપ્સી, કાંદા આજીનો મોટો નાંખી ૧ મિનિટ થવા દો. ફણસી, ગાજર, મીઠું નાંખો. ૧ મિનિટ હલાવી નીચે ઉતારી લો.

**સ્વીટ સોસ :** બધી સામગ્રી ભેગી કરી જાડુ થાય ત્યાં સુધી હલાવો.

**રેડ હોટ સોસ :** બોરીયા મરચાં ૧ કલાક વિનેગારમાં પલાળો, ટામેટાને બાફી છાલ કાઢી લો. બધી સામગ્રી ભેગી કરી વાટી લો. રેડ કલર અને મીઠું નાંખો. પ્લેટમાં તૈયાર કરેલા શાક અને સોસ નાંખી હલાવો ઉપર નુડલ્સ નાંખી સર્વ કરો.

## સેઝવાન રાઈસ :

**સામગ્રી :** ૧ ૧/૨ કપ ચોખા મીઠું નાંખીને ભાત બનાવી લો, ૧ કપ ફણસી, ગાજર અધકચરા બાફી લો, ૩/૪ કપ લીલા કાંદા, ૧૦ કળી લસણ, ૧/૮ ટી. સ્પુન આજીનો મોટો, ૨ ટે. સ્પુન સોયા સોસ, ૧/૨ ટે. સ્પુ. ચીલીસોસ, ૩ ટે. સ્પુન સેઝવાન સોસ, મીઠું, ૩ ટે.સ્પુન તેલ, ૩-૪ લાલ મરચાના ટુકડા

**રીત :** તેલ ગરમ કરો. મરચાના ટુકડા નાંખો. કાંદા, લસણ, આજીનો મોટો અને વેજીટેબલ્સ નાંખો. ૨-૩ મિનિટ હલાવો, બધા સોસ મીઠું અને ભાત નાંખી હલાવીને નીચે ઉતારી લો.

## સેઝવાન સોસ :

**સામગ્રી :** પેસ્ટ માટે ૨૦ લાલ મરચાં, ૫ કળી લસણ, ૨ કપ પાણી, એક વાસણમાં પાણી ગરમ કરો. મરચાં અને લસણ નાંખી ૮-૧૦ મિનિટ ઉકાળો. ઠંડુ થાય એટલે થોડું પાણી રાખીને વાટી લો.

**સોસ :** ૩/૪ કપ પાણી, ૨ ટે. સ્પુન ઝીણા સમારેલા કાંદા, ૧ ટે.સ્પુન ઝીણુ સમારેલું લસણ, ૧ ટે. સ્પુન કુંકીંગ વીનેગાર, ૧ ટે. સ્પુન કોર્નફલોર, ૨ ટે. સ્પુન પાણીમાં મીક્સ કરી લો. ૧/૨ ટે. સ્પુન ખમણેલું આદુ, ૧/૨ ટી. સ્પુન વ્હાઈટ વીનેગાર, ૧ ટી. સ્પુન લીલા મરચાં ઝીણા સમારેલા, ૧ ટી. સ્પુન સેલરી ઝીણી સમારેલી, ચપટી આજીનો મોટો, મીઠું,૩ ટે.સ્પુન તેલ

**રીત :** તેલ ગરમ કરો. આદુ, લસણ, કાંદા અને સેલરી નાંખી ૧ મિનિટ હલાવો. બ્રાઉન વિનેગર નાંખો, ૧ મિનિટ હલાવો. પાણી નાંખો. કોર્નફલોરવાળુ પાણી નાંખો. વ્હાઈટ વિનેગર, સાકર, આજીનો મોટો અને મીઠું નાંખો ૧ મિનિટ ઉકાળો.

## કણમાં મણ

- સફેદ વાવટો (ધજા) યુદ્ધ વિરામનું પ્રતીક છે તેમ સફેદવાળ એ જીવનસંઘર્ષની નિવૃત્તીનું પ્રતીક છે.
- સત્વ પ્રચંડ જોઈએ, સમર્પણ મજબૂત જોઈએ. લક્ષ્ય નિશ્ચિંત જોઈએ મંજિલે પહોંચવામાં પછી કાંઈ જ તકલીફ નથી.
- મનમાં ગાંઠ પાડવાની શરૂઆત થાય ત્યારે સમજવું કે બાળપણે વિદાય લીધી છે.

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
# વીરમતી નટવર મોદી - રંગભવન ઉદ્‌ઘાટન :-

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલીત શાળાઓનો સમુહ કાર્યક્રમ યોજવા માટે વર્ષોથી જેની ખોટ ચાલતી હતી તેવા રંગભવનની જરૂરીયાત પી.વી. વિદ્યાલયના પટાંગણમાં પૂરી થઈ. જ્યારે દાતા શ્રી નટવર મોદી (જનસાથી) એ એમના ધર્મપત્નીની યાદમાં મંડળને રૂા. ૧,૫૦,૦૦૦.૦૦ (એક લાખ પચાસ હજાર પુરા)નું માતબર દાન આપ્યું. તદ્‌ઉપરાંત બે ગ્રીન રૂમ એક બાળકો માટે અને એક બાળકીઓ માટે બન્નેને રૂા. ૩૧,૦૦૦.૦/- (એકત્રીસ હજાર પુરા)નું દાન એમના કુટુંબીજનો શ્રી મણીબેન મણીલાલ મોદી (ચેપ) તથા શ્રીમતી તારાબેન નટવરલાલ દેસાઈ તરફથી મેળવવી આપવામાં મંડળને સહાયરૂપ થયાં. આ રંગભવનને રાત દિવસ મહેનત કરીને ખુબજ સુંદર રીતે ઓપ આપ્યો. ત્યાંના રહેવાસી અને શુભચિંતક શ્રી રજનીભાઈ ઠાસરાવાળાએ. મંડળ તેમનો આભાર માને છે. બે બાજુ બે ગ્રીન રૂમ વચ્ચે વિશાળ રંગભવન, લાઈટ, સાઉન્ડ અને કર્ટનની વ્યવસ્થા ખુલ્લા મેદાનમાં આભ નીચે પ્રેક્ષકોને બેસવાની સગવડ, ખરેખર અદ્‌તન રંગભવન બન્યું બાલાસિનોરમાં.

તા. ૨૨.૨.૨૦૦૩નાં શનિવારે સવારે આ રંગભવન બાલાસિનોરની તમામ જનતા માટે સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને ધાર્મિક પ્રોગામ કરવા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું. આ પ્રસંગે દાતા શ્રી નટવર મોદીએ રીબીન કાપી, સંસ્થાના બીજા હોદેદ્દારો પ્રમુખ શ્રી નટવરભાઈ લટકારી, ઉપપ્રમુખ શ્રી મધુસુદનભાઈ કડકિઆ, બન્ને મંત્રીઓ શ્રી પ્રવીણ દેસાઈ અને શ્રી જતીન દેસાઈ, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નવનીતભાઈ ધારીઆ માટલી સાથે મળી દીપ જ્યોત પ્રગટાવી, મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં શ્રી પપ્પુભાઈ પાઠક (ધારાસભ્ય) અને અતિથિ વિશેષ તરીકે શ્રી મનુભાઈ પાઠક (કોલેજના પ્રિન્સીપાલ) અને મહિલા મોરચો ભાજપના અધ્યક્ષ શ્રીમતી લીલાબેન એ. કોલીયા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના અને સ્વાગત ગીતની રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ શ્રી નવનીતભાઈ માટલીએ મહેમાનોનો અને દાતાઓનો ટુંકો પરિચય આપ્યો, દાતા શ્રી નટવર મોદીનું સન્માન શાલ, શ્રીફળ અને મોમેન્ટો આપીને પ્રમુખશ્રીના હસ્તે કરવામાં આવ્યું અને ગ્રીન રૂમના દાતાઓ શ્રી કીર્તીભાઈ મોદી (ચેપ) અને શ્રી શરદભાઈ દેસાઈનું શાલ અને શ્રીફળ આપી બહુમાન કર્યું અતિથી વિશેષ તથા મુખ્ય મહેમાને. ધારાસભ્ય પપ્પુભાઈ અને મનુભાઈ પાઠકે પોતાનાં પ્રવચનોમાં નીચે મજબ કહ્યું હતું.

## ધારાસભ્ય પપ્પુભાઈ :-

જેની જરૂરિયાત હતી તે રંગમંચ રંગમંદિરની ભેટ ધરી તેનું નિવારણ નટુકાકાના જીવનમાંથી યુવાનોને બોધ મળે. કમાવાની વૃત્તિ સૌમાં હોય દાન આપવાની બહુ ઓછા લોકોમાં હોય. ખૂબ સારો રંગમંચ પી.વી. વિદ્યાલયને બાલાસિોરના દરેક ક્ષેત્રની આર્થિક આવશ્યકતામાં તેમનો સાથ સહકાર છે. નવી પેઢીનું નગર પ્રત્યે આકર્ષણ બિરદાવવા જેવું છે. તાલુકા નગરના વિકાસ માટે યથાશક્તિ પ્રયાસ કરીશ.

## મનુભાઈ પાઠક :આચાર્ય કોલેજ

મુ. શ્રી નટુકાકા અર્ધાગિની ઋણ મુક્તિ કરી રહ્યા

છે. બે મહિલાઓ યાદ આવે છે. ચંપાબેન તથા વીરમતીબેન શિક્ષણ અને સંસ્થા બન્ને સાથે ઓતપ્રોત વિદ્યાર્થીઓના રંગરોગાનનું કામ રંગભૂમિએ કરવાનું છે. વિદ્યાર્થીઓમાં ચેતના જગાવવા વર્ગ શિક્ષણ સિવાયની ઈત્તર પ્રવૃત્તિ કરવી. સાંસ્કૃતિક પ્રવૃત્તિ આ ચેતના જગાડવાનું કામ કરે છે.

અતિથી વિશેષશ્રીનું તથા મુખ્ય મહેમાનનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રમુખ શ્રી નટવરભાઈ કડકીયા (લટકારી)એ પોતાનું પ્રંસગને અનુરૂપ ખૂબ જ સુંદર પ્રવચન આપ્યું. દાતાઓ વતી સંબોધન કરવા માટે શ્રી નટવર મોદી વતી શનાભાઈએ પ્રવચન કર્યું. આભાર દર્શન પી.વી. વિદ્યાલયના આચાર્ય શ્રીમતી નીરુબેન પટેલે કર્યું.

આ પ્રસંગે આપણી ગામની અન્ય સામાજિક સંસ્થાઓ જેવી કે કો.ઑ. ક્રેડીટ સો. પ્રગતિ સમાજ, વિદ્યામંડળ તથા નવયુવક સંઘ વતી શુભેચ્છા સંદેશા મોકલવામાં આવ્યાં હતાં. આ આખા કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રવીણ દેસાઈએ કર્યું હતું. સાંજે ૬ થી ૮ સુધી ચારે શાળાનાં વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ મળીને ખબુ જ સુંદર ગરબા, એકાંકી નાટક, મુક નાટક, રાસ, ભાંગડા, વિગેરેનો સાંસ્કૃતિક કાર્યક્રમ આપ્યો હતો. જેમાં આશરે હજાર માણસોએ આ કાર્યક્રમ નીહાળ્યો હશે. આ કાર્યક્રમમાંભાગ લેનાર કલાકારો માટે શ્રી નટવર મોદી (જનસાથી) તરફથી સ્ટીલના ગ્લાસ આપવામાં આવ્યાં હતાં અને ઉપરાંત પ્રોત્સાહન રૂપે શ્રી નટવરભાઈ કડકીઆ (લટકારી) શ્રી રજનીભાઈ કડકીઆ (લટકારી) અને શ્રી નવનીતભાઈ ધારીઆ (માટલી)એ રોકડ રકમ આપી હતી.

*માનદ મંત્રીઓ*
*પ્રવીણ દેસાઈ*
*જતીન દેસાઈ*

## દાતાશ્રી નટવર મોદી (જનસાથી) તથા વીરમતીબેનનો ટુંકો પરિચય

વાડાસિનોર - જિ. ખેડા
જન્મ : ૨૩.૧૨.૧૬ (શાળામાં નોંધણી ૨૯-૭-૧૭)
અભ્યાસ : ધો. ૫ (હાલ ૯ મું) એ.વી.સ્કુલ, બાલાસિનોર.
ધો. ૬ (હાલ ૧૦) જી. ટી. હાઈસ્કુલ, મુંબઈ
ધો. ૭ (૧૧મું) મેટ્રિક મોડાસા હાઈસ્કુલ

૧૪/૧૫ વર્ષની વયે ડાકોર જઈ સ્વ. શ્રી મદનમોહનજી બાલવિદ્યાનું રાષ્ટ્ર ભાવના ભર્યું પ્રવચન સાંપડયું. રાષ્ટ્રીય ભાવના જાગૃત થઈ. મોડાસાના અભ્યાસ દરમ્યાન એ ભાવના બળવત્તર બની.

૪૨ની લોક લડતમાં ભાગ લઈ નાસિક જેલમાં ૧૦ માસનાં કારાવાસ અને વર્લી જેલમાં મુંબઈ ૨ માસ

સ્વાતંત્ર્ય સૈનિક હોવા છતાં સરકાર તરફથી મળતું ભથ્થું અને અન્ય સવલતો જતી કરી.

૪૨ ના સ્વાતંત્ર્ય સંગ્રામની શહીદ શ્રી તુલસીદાસ મોદી શહાદત બાદ તેમનાં પત્ની વીરમતીબહેન સાથે ત્રણ વર્ષ બાદ ખૂબ જ સાદાઈથી આર્યસમાજની વિધિથી લગ્ન કરી સમાજ માટે ઉદાહરણ પુરૂ પાડયું.

લગ્નબાદ વીરમતીબહેન બી.એ., બી.એડ સુધીનો અભ્યાસ કરવાની તથા શાળના શિક્ષિકા અને આચાર્યા તરીકેની તેમની કારિર્કીદીના ઘડતરમાં સંપૂર્ણ સાથ સહકાર મળ્યો.

નવાબી રાજ્યના જુસ્સા સામે પ્રજાને સંગઠિત કરવા પ્રજામંડળની સ્થાપનામાં અગ્રેસર રહ્યા. મંત્રી તરીકે જોડાણ ઝુંબેશમાં તાલુકાભરમાં સ્વ.ઈન્દુલાલ યાજ્ઞિકની અનેક જાહેર સભાઓ યોજી ૧૯૫૩માં પારડી ખેડુત સત્યાગ્રહમાં ગુજરાત કિસાન પંચયાતના મંત્રી તરીકે પ્રથમ ટુકડીમાં ભાગ લીધો. જેલવાસ સ્વીકાર્યો. નવસારી-વડોદરાની જેલમાં ૪ માસ માટે.

સોશ્યાલિસ્ટ પાર્ટી - ગુજરાતના જોડિયા મંત્રી. ૧૯૫૨ની પ્રજાસત્તાક ભારતની પ્રથમ ચૂંટણીમાં ધારાસભાના ઉમેદવાર તરીકે તાલુકામાંથી ચૂંટણી લડયા. આ પ્રસંગે જયપ્રકાશ નારાયણ જેવા લોકનેતા બાલાસિનોરની ખાસ ચૂંટણી પ્રચાર માટે આવ્યા હતા. કમનસીબે આ પ્રથમ જ પ્રયત્ન હતો. તેમની ચૂંટણીમાં હાર થઈ. અખિલ ભારત કિસાન પંચાયતની કારોબારીના સભ્ય તરીકે જવાબદારી સ્વીકારી.

મુંબઈનું વૈવિધ્યસભર ભભકાભર્યું જીવન તથા વ્યવસાય છોડી આજીવન જાહેર સેવાનો સંકલ્પ કરી બાલાસિનોર આવી વસ્યા તે પહેલાં અમદાવાદ, નડિયાદ, ગોધરા જેવા સ્થળોએ જાહેર જીવનનો જાત અનુભવ મેળવ્યો.

ગ્રામ સેવા સમાજના આદ્યસ્થાપક સ્વ. કાન્તીલાલ પરીખના અવસાન બાદ એમની સ્મૃતિને જાળવી રાખવા પબ્લીક પાર્કની સ્થાપના કરી એની જાળવણી અને સંવર્ધનમાં યોગદાન આપતા રહ્યા.

પીવાના પાણીની પરબો બેસાડવાના પુણ્ય કાર્યમાં જોતરાયા. તાલુકા રેડક્રોસ સોસાયટીના મંત્રી અને પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપી. તેમની સેવાની કદર કરતાં ઉપરાષ્ટ્રપતિ શ્રી હિદાયતુલ્લાના વરદ હસ્તે ૩૧.૭.૮૨ના રોજ મેરિટ એવોર્ડ પ્રાપ્ત કર્યો. ખેડા જિલ્લા પત્રકાર સંઘના મંત્રી અને ઉપપ્રમુખપદે રહી ચૂક્યા છે. ૧૯૮૭માં સંઘ તરફથી નડિયાદ મુકામે એમનું સન્માન કરવામાં આવ્યું.

વાડસિનોરની સાંસ્કૃતિક-સાહિત્યિક પ્રવૃત્તિઓને વિકસાવવામાં અગ્રગણ્ય ફાળો આપતા રહ્યા.

૧૯૬૪ના ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર વાડાસિનોરમાં યોજવામાં આવ્યું ત્યારે સ્વ. શશિકાંત કડકીઆની મહામંત્રીપદે વરણી થઈ હતી અને આપણા નટવરભાઈ મોદીએ સ્વાગત પ્રમુખ તરીકે આ જ્ઞાનસત્રને સફળ બનાવવામાં મહત્વની કામગીરી ઉપાડી હતી.

રમતગમત ક્ષેત્રે એમની સક્રિયતા ઘણાં વર્ષો પર્યંત જળવાઈ રહી છે. ક્રિકેટ સ્પર્ધા બાલાસિનોર-મુંબઈ વચ્ચે યોજવામાં એમનું મહત્વનું યોગદાન રહ્યું છે. વોલીબોલ, બેડમિંટન, પંતગ હરીફાઈ, હુતુતુ જેવી રમતો યોજતા રહ્યા જેમાં ‘જનસાથી’ કાર્યાલય અને ‘ગ્રામ સેવા સમજ’નો સહયોગ મેળવ્યો.

વાડાસિનોર નાગરિક બેન્કની અન્ય કાર્યકરો સાથે સ્થાપના કરી. ડિરેકટપદે કામ કર્યું અને સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.

નગર પંચાયતમાં દસ વર્ષ ‘જનસાથી’ પાક્ષિકનું પ્રકાશન ૪૦ વર્ષ. જુદાજુદા સામયિકોમાં પ્રેરણાત્મક લેખો લખ્યા છે.

વિદ્યા મંડળ સહિત ગામની અનેક સંસ્થાઓમાં સેવા આપી. વીરમતીબેનની સ્મૃતિ કાયમ રહે તે માટે એમના નામે રંગમંદિર માટે માતબર રકમનું દાન આપી જે શાળામાં સ્વ. વીરમતીબેને શિક્ષિકા અને આચાર્યા તરીકે વર્ષો સુધી કામ કર્યું તે શાળાના પટાંગણમાં જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે સુવિધા કરી આપનાર દાતા શ્રી નટવરભાઈ મોદીનું મંડળ વતી અને આપ સૌ વતી સન્માન અને આભાર.

સ્વ. વીરમતીબેનના જીવન વિષે થોડુંક ટુકાણમાં તેમનું જીવન પ્રેરણાદાયક અને દષ્ટાંતરૂપ હતું. તેમના જીવનની શરૂઆતમાં એક અઘટીત ઘટના બની. તેમનું લગ્ન થયું અને પ્રભુતામાં પગલા માંડે તે પૂર્વે તેમના પતિ ૧૯૪૨ની આઝાદીના જંગમાં અડાસમાં પોલીસની ગોળીના શિકાર બન્યા અને શહિદ થયા. આ સમય તેમના માટે ખુબ ચિંતા-દુઃખ તથા મુંઝવણનો હતો. તેમને ધૈર્ય અને હિંમત રાખી મિત્રોની સહાયથી પુર્નલગ્ન કરવાનો નિર્ણય કર્યો. તે દિવસમાં વિધવા વિવાહ સમાજમાં વજર્ય ગણાતો. કુટુંબની અનીચ્છા હતી. આ સમયે વાડાસિનોરમાં સામાજીક કાર્યકર્તા શ્રી નટવરલાલ મોદીએ હિમંત કરી લગ્ન

કરવાનું બીડું ઝડપ્યું અને તેમના લગ્ન થયા. તેમના પતિ નટવરલાલ મોદીની સહાય અને સહાનુભુતીથી તેમણે તેમનો અભ્યાસ આગળ વધાર્યો અને મેટ્રીકથી બી.એડ. સુધી પહોંચ્યા. તેમને ૩૦ વર્ષ સુધી પ્રથમ શિક્ષીકા અને ત્યારબાદ આચાર્યા તરીકેની ફરજ શ્રી પી.વી. વિદ્યાલમાં બજાવી. તેમના પતિ નટવરલાલ મોદીના ફાળે જાય છે. તેઓ વાડાસિનોરની ઘણી બધી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. કે નિવૃત્તી પછી તેમને બાલાસિનોર કેળવણી મંડળને જીવ્યા ત્યાં સુધી સેવા આપી. તેઓ શાળા સમિતિના ચેરમેન હતા. આ ઉપરાંત તેમને વિદ્યામંડળ (કોલજ)માં પણ સક્રીય હતા અને સંસ્થાના સેક્રેટરી તથા ઉપપ્રમુખ તરીકે સેવા આપી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૬ઠ્ઠી બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી અશીત દેસાઈના પ્રમુખપદે તા. ૭-૧-૦૩ના મંગળવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાં. શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસ)માં મળી હતી.

ગત કાર્યવાહક સમિતિની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમંત્રી શ્રી નીતીન પરીખે વાંચી સંભળાવ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. ફી સહાય તથા રસોત્સવ સમિતિના આવેલ હિસાબ તથા અહેવાલ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. નોટબુક સમિતિ તરફથી વિવિધ સુચનો આવ્યા હતા તેની ચર્ચા કરવામાં આવી હતી. તથા વેચાણ માટે બજેટ ફાળવવામાં આવ્યું હતું. સભામાં આજીવન સભ્ય માટેની ત્રણ અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

## વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત શ્રીમતી શાંતાબેન કા. દોશી પુરસ્કૃત (મહિલા વિભાગ)ના સહકારથી રવિવાર તા. ૯.૨.૨૦૦૩ના રોજ ત્વચા ચિકિત્સા શિબિરનું આયોજન ટ્રસ્ટના કાર્યાલયમાં ચોપાટી ખાતે કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં ગર્વનીંગ કાઉન્સીલના સંયોજક શ્રી મોહન પરીખ તથા ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી રજનીકાન્ત કાંતિલાલ કડકીયા (લટકારી)એ પ્રાંસગિક પ્રવચન કરી દર્દીઓ તેમજ ડૉ. મનીષ શાહને આવકાર્યા હતા. પોતાની માનદ્ સેવાઓ આપનાર ડૉ. મનીષ શાહનું ટ્રસ્ટના મંત્રી શ્રી જતીન દેસાઈના હસ્તે મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૮૧ દર્દીઓએ ભાગ લીધો હતો. ડૉ. મનીષ શાહે બધા જ દર્દીઓને તપાસી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

ઉપરોક્ત શિબિર માટે એક સદગૃહસ્થ તરફથી ટ્રસ્ટ ને રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા)નું દાન મળ્યું હતું. તેમજ દાતા તરફથી બધા જ દર્દીઓને તેમજ કાર્યકર્તાઓને કેલક્યુલેટરની ભેટ આપવામાં આવી હતી.

શિબિરના આયોજનમાં શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (મહિલા વિભાગ) નો સારો સાથ સહકાર મળ્યો હતો. ટ્રસ્ટના સુપ્રીટેન્ડન્ટ ડૉ. ચન્દ્રકાંત ધારીયા તેમજ શ્રી શરદભાઈ દેસાઈએ માનદ સેવાઓ આપી હતી.

પ્રજાપિતા બ્રહ્માકુમારી રાજયોગ સેન્ટરે પોતાની જગા સંસ્થાને ઉપયોગ કરવા આપીને સહકાર આપ્યો હતો જે બદલ સંસ્થા તેઓનો આભાર માને છે.

ભવિષ્યમાં મંડળના અમૃત મહોત્સવ તેમજ ટ્રસ્ટના રજત જયંતિ મહોત્સવ વર્ષ દરમ્યાન યોજવામાં આવનારી બીજા શિબિરોમાં જનતાનો સાથ સહકાર મળી રહેશે તેવી અપેક્ષા.

*મોહન પરીખ (મેડીકલ સેન્ટર),*
*હેમુબેન કડકિયા (મહિલા વિભાગ),*
*- સંયોજક*

*જતીન દેસાઈ,*
*યોગેશ ધારીયા*
*- માનદ્ મંત્રીઓ*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી નટવર મોદી પુરસ્કૃત જનસાથી ક્રિકેટ ટ્રોફી
## (૩૪૧ રન ૭ વિકેટ V/S ૩૪૪ રન ૪ વિકેટ)

**❊ સંજીવ ધારીઆ V/S કીંજલ પરીખ**

**- સંજીવ ધારીઆની ટીમ - ૧ ૨ ૨ રન ઓલ આઉટ**

કુશાલ - ૧૭ રન, દર્શન-૧૫ રન, સમીર આર, દેસાઈ- ૨૬/૨ વિકેટ, ધરવ-૧૯/૩ વિકેટ,

**- કીંજલ પરીખની ટીમ - ૧ ૨ ૩ રન પાંચ વિકેટ**

સમીર મોદી-૧૯ રન, કીંજલ પરીખ-૩૪ રન નોટ આઉટ, સમીર-૪૦/૨ વિકેટ

**કીંજલ પરીખની ટીમનો વિજય**

**❊ શીતેન કડકીયા V/S સંદીપ ધારીઆ**

**- સંદીપ ધારીઆની ટીમ - ૨૫૨ રન ૮ વિકેટ**

સચીત પરીખ-૪૬ રન, સંદીપ ધારીઆ-૩૮ રન, રાજુભાઈ-૫૫ રન, નીતીનભાઈ-૬૫ રન, અર્ચીસ મોજ-૨૧/૩ વિકેટ, પંકજ કડકિયા-૬૩/૩ વિકેટ,

**- શીતેન કડકિઆની ટીમ- ૨૫૪ રન**

પ્રતીક કડકીઆ-૪૩ રન, નીરેન ધારીઆ-૩૬ રન, અર્ચીશ મોદી-૨૪ રન, રીપલ પરીખ-૩૫ રન, જીગર પરીખ -૫૬ રન, સંદીપ ધારીઆ-૫૭/૩ વિકેટ, નીતીન ગાંધી-૫૧/૩ વિકેટ અને સતીષ લાકડાવાળા-૬૧/૩ વિકેટ

**શીતેન કડકીઆની ટીમનો વિજય**

## ૧લી સેમી ફાઈનલ્સ

**❊ શીતેન કડકીયા V/S આનંદ શ્રોફ**

**- શીતેન કડકીઆની ટીમ ૧૭૩ રન ઓલ આઉટ**

પ્રતીક કડકીઆ -૨૨ રન, નીરેન ધારીઆ-૬૨ રન, રીપલ પરીખ-૨૪ રન, અપૂર્વ ધારીઆ-૨૬ વિકેટ, નીરવ દેસાઈ-૧૯/૩ વિકેટ, રૂસીલ-૩૩/૨ વિકેટ, -

**- આનંદ શ્રોફની ટીમ - ૧૭૫ રન ૯ વિકેટ**

અમીશ-૨૯ રન, શૌરીન-૩૨ રન, અપૂર્વ-૩૩ રન નોટ આઉટ, નીતીન પરીખ-૩૨/૩ વિકેટ, પંકજ કડકીઆ-૨૩/૨ વિકેટ

**આનંદ શ્રોફની ટીમનો વિજય**

## ૨ જી સેમી ફાઈનલ્સ

**❊ રવિશ દેસાઈ V/S કીંજલ પરીખ**

**- રવિશ દેસાઈની ટીમ- ૩૪૧ રન ૭ વિકેટ, ૪૦ ઓવર્સ**

રવિશ દેસાઈ-૧૫૦ રન, નીમીશ પરીખ-૨૫ રન, રીકીત મોદી-૧૯ રન, તુષાર પરીખ-૧૭ રન, નીતીન દેસાઈ-૬૯/૨ વિકેટ, રાહિલ ધારીઆ ૪૭/૧ વિકેટ, સમીર આર. દેસાઈ -૪૭/૧ વિકેટ

**- કીંજલ પરીખની ટીમ- ૩૪૪ રન ૪ વિકેટ, ૪૦ ઓવર્સ**

કીંજલ પરીખ- ૧૦૯ નોટ આઉટ, સમીર આર. દેસાઈ-૧૧૩ નોટ આઉટ, ધર્મેશ પરીખ-૭૧ રન, મીતેશ ધારીઆ-૫૧/૨ વિકેટ, નીરવ કડકીઆ-૬૮/૧ વિકેટ

**કીંજલ પરીખની ટીમનો શાનદાર વિજય**

## ફાઈનલ્સ

તા. ૧૬.૩.૨૦૦૩ વિલ્સન કોલેજ જીમખાના

**કીંજલ પરીખ V/S આનંદ શ્રોફની ટીમો**

*કન્વીનર*

*રાજુ એમ. પરીખ (લાય)*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) સંજય પરીખ
એસ.પી. કોરપોરેશન
કપડવંજ ટ્રેડીંગ કોરપોરેશન, અશોકા શોપીંગ સેંટર,
શોપ નં.૮, ગ્રાઉન્ડ ફ્લોર, જી.ટી. હૉસ્પિટલ કોમ્પલેક્ષ,
એલ.ટી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૧.
ફોન : ૨૨૬૩૨૯૨૯, ૨૨૬૩૩૯૩૯
ફેક્સ : ૨૨૬૩૩૧૩૧.

૨) હાસીત વી. ભટ્ટ
એ-૭૦૪, ક્રિષ્ણા રેસીડન્સી,
સુંદર નગરની પાછળ, એસ.વી. રોડની સામે,
મલાડ (વે.) મુંબઈ-૪૦૦૦૬૪
ફોન : ૨૮૭૪૩૨૬૫

૩) ગોપાલદાસ ચીમનલાલ દેસાઈ
ઠે. દેવશેરી, બાલાસિનોર,
ફોન : ૨૬૨૯૪૭

૪) મહેશચંદ્ર આર. દેસાઈ
સરસ્વતી પેપર માર્ટ, ૬૫, કોટન સ્ટ્રીટ,
કોલકત્તા-૭૦૦૦૦૭.
ફોન : ૨૨૬૯૫૪૪૯

૫) પ્રતિક્ષ જગદીશચંદ્ર ધારીઆ
સ્નેહલતા જગદીશચંદ્ર ધારીઆ
૩૦૩ ક્રિષ્ણાશ્રય, ટી.પી. એસ.-૩, હરીદાસ નગર,
શિમ્પોલી, બોરીવલી (વે.), મુંબઈ-૪૦૦૦૯૨
ફોન : ૨૮૯૯૫૦૨૨, મોબાઈલ : ૯૮૨૦૦૩૭૪૩૪

## નવા ફોન નંબર

નિકુંજ કડકીઆ (મલમ)
ઘર : ૨૩૬૭૩૪૨૦/ઓફિસ : ૨૩૪૧૧૯૨૫, ૨૩૪૫૭૦૦૧

## લગ્ન નોંધ

૧ જીજ્ઞેશ સુરેશચંદ્ર શાંતીલાલ પરીખ (સાડીવાલા)
નીતા અમૃતલાલ વેલજી સોમૈયા
૨ નેવીલ અજય નટવરલાલ શાહ (નગરશેઠ)
મિલોની વિજય ઓચ્છવલાલ કડકીઆ
૩ પૂર્વી વિનીત રસીકલાલ મોદી (દેવ)
પ્રિતેશ અભયભાઈ હીરાચંદ શાહ
૪ અનિકેત દીપક નવનીતલાલ શાહ (ઝાટ)
કશ્યપી કિરણભાઈ હરસોઈ
૫ પ્રાચી સુનીલભાઈ વિનોદચંદ્ર શાહ (વડોદરાવાળા)
સુમીત શૈલેષ કાંતીલાલ ધારીઆ (સુંદર સાડીવાલા)
૬ સમીર જયેન્દ્રકુમાર વલ્લભદાસ ગાંધી
રીટા નરેન્દ્ર તુલસીદાસ શેઠ

## તેજસ્વી તારલાં

ઉર્વી કિરીટ મોદી (ખાંડીવાળા)એ MBA with Distinction પાસ કર્યું છે. સંસ્થાવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉ.વ. |
|---|---|
| ૧. મોદી મંજુલાબેન નવનીતલાલ | ૭૩ |
| ૨. ચોકસી શાંતિલાલ રવચંદ | ૭૭ |
| ૩. દેસાઈ કમળાબેન નટવરલાલ દેડકી | ૮૩ |
| ૪. કડકીઆ જીતેન્દ્ર નટવરલાલ | ૪૭ |
| ૫. દેસાઈ પુષ્પાબેન કીરતનલાલ | ૮૮ |

*પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે*

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જ્યોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**

*(અનુસંધાન બીજા કવર પેજનું ચાલુ)*

૧૨ સ્વ. સુશીલાબેન નટવરલાલ પરીખ (વોરા)
૧૩. સ્વ. કમળાબેન રમણલાલ મોજીલાલ પરીખ (જુનાગઢવાળા)
૧૪. શ્રીમતી સાવિત્રીબેન નટવરલાલ ગરબડદાસ દેસાઈ
૧૫. શ્રીમતી લીલાબેન રમણીકલાલ ધારીયા
૧૬. સ્વ. ઈચ્છાબેન અને સાંકરલાલ છોટાલાલ ગાંધી (કલકત્તાવાળા)
૧૭. શ્રીમતી કમળાબેન મોહનલાલ ધારીયા (કુણીવાળા)
૧૮. શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીયા (હેડમાસ્તર)
૧૯. શ્રીમતી કુસુમબેન નવનીતલાલ કડકીયા અને શ્રી નવનીતલાલ સાંકરલાલ કડકીયા (બેરા)
૨૦. સ્વ. મંજુલાબેન જયંતીલાલ ગાંધી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
૨૧. અમીતા કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ

---

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત**

**શ્રી દીલીપભાઈ ધારીઆ (લાલખાં) પુરસ્કૃત**

**બી.એન.એસ. લાલખાં ટ્રોફી ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૨–૨૦૦૩ સંઘની ટીમ**

| | | | |
|---|---|---|---|
| સંદીપ ધારીઆ | સમીર સી. દેસાઈ | સમીર આર. દેસાઈ | નિરેન ધારીઆ |
| શીતેન કડકિઆ | રવીશ દેસાઈ | આનંદ શ્રોફ | અપૂર્વ ધારીઆ |
| કીંજલ પરીખ | સંજય મોદી | કુશલ મોદી | પ્રતીક કડકિયા |
| શ્રમીક શાહ | જીગર પરીખ | વૈશલ્ય ગાંધી | માનીત પરીખ |

**મેનેજર : શ્રી નીતીન પી. ગાંધી** **કન્વીનર : શ્રી રાજુ એમ. પરીખ**